॥ श्रीकृष्णाय नमः ॥

स्वधर्मवर्धक अने संशय छेदक.

પુસ્તક ૨ જું અને ૩ જું.

ઉત્તેજક

શેઠ [illegible]ભાઈ જાદવજી, કોટ—મુંબઈ.

રચનાર

ગોસ્વામિ શ્રીયદુનાથજી મહારાજ,

સુરતવાળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.

ખાડીયા, ખેદાભાઈની પોળમાં—અમદાવાદ.

શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૫, શ્રીવલ્લભાબ્દ ૪૩૩, સંવત ૧૯૬૫, સને ૧૯૧૧.

અમદાવાદ–ધી "ગુજરાત" પ્રિન્ટીંગ પ્રેસમાં

શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

નોછાવર રૂ. ૦-૪-૦

સ્વધર્મના મુખ્ય સિદ્ધાંતો

૧. જગત્ સત્ય છે.

૨. જગત્, જીવ, અંતર્યામી, અક્ષર ઇત્યાદિનાં નિમિત્ત ર
ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણ પરમાત્મા જ

૩. જીવે અવિદ્યાથી કલ્પેલો અહંતા મમતાત્મક સંસાર મિથ્યા

૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, વ્યાપ

૫. પરબ્રહ્મ પુરુષોત્તમ કૃષ્ણનું ધામ અક્ષર બ્રહ્મ ગણિતાન

૬. સર્વોપરિ વેદાદિ શાસ્ત્રે પ્રતિપાદિત પરમકાષ્ઠાપન્ન
શ્રીકૃષ્ણ છે.

૭. શ્રીકૃષ્ણની સેવા એજ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુ
સ્વધર્મ શ્રીકૃષ્ણસેવા જ છે.

૮. સાક્ષાત્ શ્રીકૃષ્ણોપદિષ્ટ આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ સિ
અન્ય વિશુદ્ધધર્મ હોઇ શકે જ નહિ.

॥ श्रीकृष्णाय नमः ॥

वधर्मवर्धक अने संशय छेदक.

પુસ્તક ૨ જું અને ૩ જું.

ઉત્તેજક

શેઠ જુઠાભાઈ જાદવજી, કોટ—મુંબઈ.

રચનાર

ગોસ્વામિ શ્રીયદુનાથજી મહારાજ,

સુરતવાળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.

ખાડીયા, જેઠાભાઈની પોળમાં—અમદાવાદ.

શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૭, શ્રીવલ્લભાબ્દ ૪૩૩, સંવત ૧૯૬૭, સન ૧૯૧૧.

અમદાવાદ—ધી "ગુજરાત" પ્રિન્ટીંગ પ્રેસમાં

શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

નોછાવર રૂ. ૦-૪-૦

અનુક્રમણિકા.

પુસ્તક બીજાની.

પુસ્તક ત્રીજાની.

श्री १०८ तिलकायित श्रीगोवर्द्धनलालजी महाराज. श्रीनाथद्वारा.



जन्म संवत् १९१७ ना श्रावण कृष्णपक्ष १.

3૫૧૨.

॥ श्री कृष्णाय नमः ॥

स्वधर्मवर्धक अने संशय छेदक.

શાસ્ત્રના વિષયનો ભાગ ૨ જો.

પુસ્તક ૨ જું.

प्रसंग पहेलो.

સ્વધર્મ વર્ધક અને સંશય છેદક પુસ્તકના પહેલા અંકમાં સખ્ય ભક્તિનું વર્ણન ટુંકામાં લખ્યું હતું અને તેના ઉપર હરિથી વિમુખ લોકે દૂષણ આપ્યું હતું, તેનો ઉત્તર આ બીજા અંકના પુસ્તકમાં આપેલો છે.

સખ્ય ભકિતનો અર્થ સખ્ય એટલે મિત્રતા, ભકિત એટલે સ્નેહ, એટલે મિત્રની પેઠે હરિમાં સ્નેહ તથા વત્સલતા રાખવી અને તેના દર્શન કરવામાં આતુરતા રાખવી, એ સખ્ય ભકિતનો અર્થ છે. એ સખ્ય ભક્તિનું વર્ણન કોઇ મૂર્ખાએ છપાવ્યું છે, તેમાં તેણે એવું લખ્યુ છે જે શ્રીવલ્લભાચાર્યના મતના ગુરૂ પોતાના સેવકોને એવો ઉપદેશ કરે છે જે ઇશ્વરને જારભાવે ભજવા; પણ એ વાત ઘણી અનીતિની છે અને અધર્મની છે. જુઓ કે જારભાવે કરીને ઇશ્વરનાં સાથે મીત્રતાનો ભાવ રાખવાથી બરાબરીનો દાવો થાય છે, તેથી એ ભક્તિ ગાંડી અને અવિવેકની છે અને ધિક્કાર કરવા યોગ છે. માટે નવધાભકિતમાં સખ્યભકિત છેક નકામી છે. એ રીતે તે મૂર્ખાએ લખ્યું અને તે ઉપર દૃષ્ટાંત બતાવ્યું છે, જે જ્યાં વસ્તુ છે ત્યાં છાયા છે, અને છાયા છે ત્યાં વસ્તુ છે. એ રીતે ઇશ્વર છે ત્યાં માયા છે, અને માયા છે ત્યાં ઇશ્વર છે. એ રીતે છાયાની પેઠે માયાનો સંબંધ ઇશ્વર સાથે સદા છે. તે માયાના છોકરાં આપણે છીએ, અને ઇશ્વર આપણો બાપ

છે. હવે દીકરી અથવા દીકરો બાપને એમ કહે જે હું તમારી વહુ થાઉં, એ વાત કેટલી અનીતિની અને અધર્મની છે એ રીતે લોકોને દેખડાવ્યું છે.

હવે સમજુ લોકોએ વાતનો વિચાર કરવો, જે ઇશ્વર તો સર્વ ઠેકાણે વ્યાપક શાસ્ત્રમાં કહેલા છે. ત્યારે ઇશ્વર વગર જગ્યા કીયે ઠેકાણે ખાલી રહી? જે તે ઠેકાણે ઇશ્વરની છાયા પડી; એ વાત દેખીતી શાસ્ત્રથી ઉલટી છે અથવા એ ઠેકાણે કોઇ એમ કહેશે જે ઇશ્વરની છાયા તે આ જગત્ છે; એવું જો માનશે તો ઇશ્વરને સર્વ ઠેકાણે વ્યાપકવાળું તેના કહેવાથી આવતું નથી. માટે માયા તે ઇશ્વરની છાયા છે, એ વાત દેખીતી જૂઠી પડે છે અને વેદશાસ્ત્રથી ઘણીજ વિરૂદ્ધ છે.

માયાનું સ્વરૂપ વેદશાસ્ત્રમાં ત્રિગુણ કહેલું છે. ત્રિગુણનો અર્થ એ જે સાત્વિક, રાજસ, તામસ એ ત્રણ ગુણનુ સ્વરૂપ છે તેજ માયા છે. એ રીતે એ અજ્ઞાની માયાના સ્વરૂપને પણ સમજતો નથી. હવે જુવો કે શાસ્ત્ર સમજવામાં એનું કેટલું અજ્ઞાન છે?

વળી એણે કહ્યું છે જે માયાના છોકરાં આપણે છીએ. જુવો કે એ વાત પણ વેદશાસ્ત્રથી કેટલી બધી વિરૂદ્ધ છે.

વેદશાસ્ત્રમાં જીવને ઇશ્વરનો અંશ કહેલો છે, તેથી આ જગત્ ઇશ્વરનો અંશરૂપ છે. માટે વિશ્વાત્મા ભગવાનનું નામ વેદમાં કહ્યું છે. જુવો કે ગીતાજીના અ. ૧૫ શ્લો. ૭ માં શ્રીભગવાને કહ્યું છે:-

ममैवांशो जीवलोके जीवभूतःसनातनः ।

અર્થઃ–આ જીવલોકમાં જીવ જે છે તે મારો અંશ છે, અને ઘણા કાળથી શ્રીપૂર્ણપુરૂષોત્તમ માંહેથી નિકળેલો છે, તે વેદમાં કહ્યુ છે. તે વચન શ્રીમદ્ ભાગવતની વેદ સ્તુતિમાં શ્રીધરજીએ કહ્યું છે, પણ અમે આ પુસ્તકમાં એટલા સારૂ લખતા નથી; જે આ પુસ્તક શૂદ્રના વાંચવામાં આવશે અને શૂદ્રને વેદ વાંચવાનો અધિકાર નથી, માટે તે વચન વેદનું અમે અહીંઆં લખતા નથી. માટે તહાં જેને જોવું હોય તેને જોવું. વેદમાં કહ્યું છે, જેમ અગ્નીના કુંડ માંહેથી ઝીણા ઝીણા અનંત તણખા નિકળે છે, તેમ ઇશ્વરમાંથી આ જીવ સર્વે નિકળેલા છે. માટે

આ જીવ ભગવાનનો અંશ છે. તેજ રીતે શ્રીમદ્ ભાગવત અષ્ટમ સ્કંધમાં બ્રહ્માજીએ કહ્યું છેઃ—

अहं गिरित्रश्च सुरादयो ये दक्षादयोग्नेरिव केतवास्ते ।

અર્થઃ—બ્રહ્માજી કહે છે જે હે પ્રભુ! હું તથા મહાદેવ તથા આ સર્વ દેવતા તથા દક્ષ આદિ લઇને આ સર્વ રાજા તથા માણસો એ સર્વ અમે તમારી અગ્નિના તણખા છીયે, એટલે તમારો અંશ છીયે. એ રીતે વેદ, ગીતા અને ભાગવતાદિ સર્વ શાસ્ત્રમાં આ જગત્‌ને ઇશ્વરનો અંશ કહેલો છે. વળી શ્રીમદ્‌ભાગવત દશમ સ્કંધમાં પણ સાફ કહ્યું છેઃ—

दृष्टंश्रुतंभूतभवद्भविष्यत् स्थाष्णुश्चरिष्णुर्महदल्पकंच ।
विनाच्युताद्वस्तुतरां न वाच्यं स एव सर्वं परमार्थभूतः ॥

અર્થઃ—જેટલી વસ્તુ નજરે જોવામાં આવે છે, તથા સાંભળવામાં આવે છે અને જેટલી વસ્તુ થઇ ગઇ છે તથા હાલમાં થાય છે, તથા હવે પછી થનાર છે, તે સર્વ વસ્તુ જડ પદાર્થ તથા જીવરૂપ વસ્તુ તેમાં મ્હોટી તથા નાની સર્વે વસ્તુ પરમેશ્વર વગર બીજે નામે કહેવાઇ શકાતી નથી. કારણ જે આ જગત્‌ની જડરૂપ વસ્તુ પંચમહાભૂત આદિ લઇને તથા જીવરૂપ વસ્તુ માણસ પશુ, પંખી, જીવજંતુ આદિ લઇને સર્વ વસ્તુરૂપ પરમેશ્વર પોતે પોતાના અંશે કરીને થયા છે. એ રીતે સર્વ વેદ પુરાણોમાં ઠામ ઠામ કહ્યું છે. માટે આ જગત્‌ના છોકરાં નથી. બ્રહ્મનું અંશ છે એવું શાસ્ત્રમાં કહે છે તે આ અજ્ઞાની માયાના છોકરાં જગત્‌ને કહે છે, એ ઉપરથી સાફ સૌનાં જાણવામાં આવશે જે એને શાસ્ત્રની વાતની કાંઇજ ખબર નથી, અને મ્હોટી પંડિતાઇ લોકોને બતાવે છે. માટે એજ રીતે આજ પછી સર્વે એની વાતને ખરી કરીને માનશો નહિ. એ બહિર્મુખનો ઉપદેશ લોકોને શાસ્ત્રનામાર્ગથી ભ્રષ્ટકરવાનો છે એ રીતે જગત્‌નુ સ્વરૂપ, તથા જીવનું સ્વરૂપ, તથા માયાનું સ્વરૂપ, આ પહેલા પ્રસંગમાં કહ્યું છે.

प्रसंग बीजो.

ઉપલા પ્રસંગમાં કહ્યું જે સર્વે રૂપ ઇશ્વર પોતે અંશે કરીને થયા છે,

માટે આ જગત્ સર્વ પોતાનો આત્મા છે. માટે પોતાના આત્મા સાથે પોતે રમણ કરે છે. ઇશ્વરને તો પારકું પોતીકું છેજ નહી. સૌ પોતીકુંજ છે, માટે વ્યભીચારદોષ ઇશ્વર ઉપર લાગુ પડતો નથી.

પારકી વસ્તુ ભોગવવાનો દોષ તો આ સૃષ્ટિને લાગે છે, ઇશ્વરને તો પારકું છેજ નહી. માટે વ્યભીચારદોષનો કાયદો ઇશ્વરે સૃષ્ટિ સારૂ કરેલો છે. હવે અજ્ઞાની એમ કહે છે જે દીકરી અથવા દીકરો બાપને કહેશે જે હું તમારી વહુ થાઉં, એમાં કેટલો અધર્મ અને કેટલી અનીતિ છે. માટે ઇશ્વર સાથે જારભાવની પ્રીત રાખનારા કેટલા અધર્મી છે, એવું દેખડાવ્યું છે. હવે એ વાતનો સમજુ લોકોએ વિચાર કરીને જોવું જે ગોપીજને શ્રીકૃષ્ણની સાથે જારભાવની પ્રીત કરી તે શું તેણે અધર્મનું આચરણ કર્યું ? તથા આ સૃષ્ટિની સ્ત્રી પાર્વતીજીને મહાદેવજી તથા સીતાજીને શ્રીરામચંદ્રજી પરણ્યા તથા રાજાઓની કન્યા સોલ હજાર શ્રીકૃષ્ણ પરણ્યા, તેણે પણ અધર્મ કર્યું? એવું એ મૂર્ખના કહેવા ઉપરથી સિદ્ધ થાય છે. જો કેવળ બાપ પુત્રનો ભાવ ઇશ્વરસાથે સૃષ્ટિને હોય તો એ કન્યાઓ શ્રીકૃષ્ણ પરણે નહી, પણ ઇશ્વરમાં તો સર્વ ભાવ રહેલા છે. સ્ત્રી તથા પુરૂષ એ બન્ને ઇશ્વરમાંથી નીકળેલા છે. માટે સ્ત્રી પુરૂષ એ બે ભેદ ઇશ્વરને નથી. એ બન્ને ઇશ્વરનો આત્મા છે; માટે પોતાના આત્મા સાથે પોતે રમણ કરે છે, એમાં ઇશ્વરનો પણ અધર્મ નથી. અને સૃષ્ટિને પણ અધર્મ થતો નથી. જો અધર્મ થતો હોય, તો શ્રીકૃષ્ણ એ રાજાની કન્યાઓ પરણેજ નહી. જુવો કે એણે શાસ્ત્રથી કેટલી બધી વાત ઉલટી બતાવીને અજાણ્યા લોકોને ભમાવ્યા છે. જો જારભાવની પ્રીત ઇશ્વર સાથે રાખવામાં અધર્મ થતો હોય, તો શ્રીપૂર્ણ પુરૂષોત્તમ વેદને જારભાવ રાખવાનું વરદાન આપેજ નહી, તે કથા બૃહદ્વામનપુરાણમાં બ્રહ્માજીએ ભૃગુ ઋષિને કહી છે, તે હવે લોકોને જાણવા સારૂ કહી છે. એક સમે બ્રહ્માજી ઋષિઓની સભા કરીને બેઠા હતા, તે સમે બ્રહ્માએ શ્રીગોપીજનવલ્લભ, એ નામ ભગવાનનું મુખથકી સ્મરણ કર્યું ત્યારે ભૃગુ ઋષિએ પ્રશ્ન કર્યો જે હે પીતા ! એવા શું ભગવાનને ગોપીજન વહાલા છે. જેના નામથી તમે ભગવાનના નામનો

ઉચ્ચાર કર્યો, એવો સંશય જ્યારે ભૃગુઋષિના મનમાં આવ્યો ત્યારે બ્રહ્માજી બોલ્યાઃ-

षष्टिवर्षसहस्राणि मया तप्तं तपः पुरा ।
नंदगोपव्रजस्त्रीणां पादरेणुप्रलब्धये ॥१॥
तथापि न मया प्राप्ता स्तासां वै पादरेणवः ।

અર્થઃ-હે ભૃગુઋષિ! પૂર્વે મેં શ્રીગોપીજનની ચરણરજ મને મળવા સારૂ સાઠ હજાર વર્ષ સુધી તપ કર્યું હતું, પણ શ્રીગોપીજનના ચરણની રજ મને મળી નહી. એ રીતે બ્રહ્માજીએ કહ્યું તે સાંભળીને ભૃગુઋષિને મ્હોટો સંશય થયો અને પુછવા લાગ્યાઃ-

श्रुत्वैतद्ब्रह्मणो वाक्यं भृगुः प्राहाथ सादरम् ।
वैष्णवानां पादरजो ग्राह्येतत्वद्विधैरपि ॥१॥
संति ते बहवो लोके वैष्णवा नारदादयः ।
तेषांविहायगोपीनां पादरेणुस्त्वयापिसः ॥ २ ॥
वर्तते संशयो मेत्र को हेतुस्तद्वद प्रभो ।

અર્થઃ-ભૃગુઋષિ આદરથી બ્રહ્માજીને પુછવા લાગ્યા જે વૈષ્ણવ જાણીને તમે શ્રીગોપીજનનાં ચરણ રજની ઇચ્છા કરી, પણ નારદ, સનક, સનંદન આદિ લેઇને વૈષ્ણવો ઘણા છે. તેની ચરણરજ મલવી સુલભ છે, તે મુકીને તમે ગોપીજનની ચરણરજ મલવાની ઇચ્છા કરી, એ મને મોટો સંદેહ થાય છે. જે શ્રીગોપીજનની ચરણરજમાં એટલી બધી શું વિશેષતાછે? એવું ભૃગુઋષિનું વચન સાંભળીને બ્રહ્માજી બોલ્યાઃ-

ततो ब्रह्मा भृगुंप्राह चिंतयित्वा पुरातनीम् ।
कथां सर्वश्रुतीनां च रहस्यंपरमाद्भूतम् ॥ १ ॥
न स्त्रियो व्रजसुंदर्यः पुत्र ताः श्रुतयःकिल ।
नाहं शिवश्च शेषश्च श्रीश्चताभिःसमाःक्वाचेत ॥२॥

અર્થઃ-સર્વ દેવનું સારરૂપ અને આશ્ચર્યકારક એવી જે પ્રાચીન

કથા તેનું મનમાં સ્મરણ કરીને બ્રહ્માજી ભૃગુઋષિને કહેવા લાગ્યા જે, હે પુત્ર ! આ વ્રજના ગોપીજન છે તે સાધારણ સ્ત્રીઓ નથી. એ તો વેદની શ્રુતિઓ છે. એની ભક્તિ બરાબર, મારી તથા મહાદેવજીની, તથા શેષજીની તથા લક્ષ્મીજીની ભક્તિ નથી, એવું બ્રહ્માજીએ કહ્યું અને ફરી કહેવા લાગ્યા જેઃ-

प्राकृते प्रलये प्राप्तेऽव्यक्ते व्यक्तं गते पुरा ।
शिष्टे ब्रह्मणि चिन्मात्रे कालमायातिगेऽक्षरे ॥

અર્થઃ-પ્રાકૃત પ્રલય જે સમે આવ્યો તે સમે અક્ષર બ્રહ્મમાં આ જગત્ લીન થયું, તે અક્ષરબ્રહ્મ કેવું ? કેવલ ચૈતન્યરૂપ છે, ત્યાં કાલ તથા માયાની ગતિ નથી, એ રીતનું અક્ષરબ્રહ્મનુ સ્વરૂપ છે. પ્રાકૃત પ્રલય તે બ્રહ્માજી સુદ્ધાં આ સર્વ બ્રહ્માંડનો લય અક્ષરબ્રહ્મમાં થાય છે.

ब्रह्मानंदमयो लोको व्यापिवैकुंठसंज्ञिकः ।
निर्गुणो नाद्यनंतश्च वर्तते केवलेऽक्षरे ॥ १ ॥
अक्षरं ब्रह्म परमं वेदानांस्थानमुत्तमम् ।
तल्लोकवासिभिस्तत्र स्तुतो वेदैःपरात्परः ॥ २ ॥

અર્થઃ-શ્રીપૂર્ણપુરૂષોત્તમનું આનંદ જેમાં રહ્યું છે, એવું જે વ્યાપીવૈકુંઠ કેવલ નિર્ગુણ જેની આદિમાં કોઇ નથી, અને અંતમાંપણ કોઇ નથી; એવું જે વ્યાપીવૈકુંઠધામ તે ધામ અક્ષરબ્રહ્મમાં રહ્યું છે. અક્ષર બ્રહ્મનું વર્ણન તૃતીય સ્કંધ ભાગવતમાં કહ્યું છે જે જેમાં અનંત કોટિ બ્રહ્માંડ પરમાણુની પેઠે ઉડે છે તે અક્ષરબ્રહ્મ છે. તે ધામમાં વ્યાપીવૈકુંઠ છે, તેમાં શ્રીપૂર્ણપુરૂષોત્તમ બીરાજે છે. જેમ ગુજરાત દેશ તેમ અક્ષર બ્રહ્મ જાણવું. તે ગુજરાતમાં સુરત શહેર છે, તેમ અક્ષરબ્રહ્મ ધામમાં વ્યાપીવૈકુંઠ છે તે અક્ષરબ્રહ્મધામમાં મુક્તિ પામેલા જીવ સદા રહે છે, અને વ્યાપીવૈકુંઠમાં શ્રીપૂર્ણપુરૂષોત્તમની ભક્તિ કરનારા રહે છે. વેદના ત્રણ સ્વરૂપ છે, એક સ્વરૂપ મૂર્તિમાન્ છે, બીજું મહાત્મરૂપ છે, ત્રીજું અક્ષરરૂપે છે, તે તો વાંચવામાં આવે છે. એ રીતે મૂર્તિમાન્ વેદના સ્વરૂપ અક્ષરબ્રહ્મધામમાં છે, ત્યાંથી વેદને તે ધામનું પ્રકાશ

માત્ર દેખાય છે. શ્રીપૂર્ણપુરૂષોત્તમના દર્શન તેને થતાં નથી, ત્યારે વેદોએ વિચાર્યું જે આ તેજની માંહે કાંઇ એક સ્વરૂપ છે, માટે એના દર્શન કરવા સારૂ આપણે સ્તુતિ કરીએ એવો મનમાં વિચાર કરીને શ્રીપૂર્ણપુરૂષોત્તની સ્તુતિ ઘણા કાળ સુધી કરી.

चिर श्रुत्वा ततस्तुष्टः परोक्षं प्राह तान् गिरा ।
तुष्टोस्मि व्रातभोःप्राज्ञ वरं न्मदभीप्सितम् ॥

અર્થઃ—વેદની ઘણા કાળની સ્તુતિ સાંભળીને આકાશવાણીથી પ્રભુ બોલ્યા જે હે શ્રુતિઓ ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું, તેથી તમારી ઇચ્છા હોય તે વર માગો. એ રીતે જ્યારે શ્રીકૃષ્ણે કહ્યું ત્યારે શ્રુતિઓ બોલી જેઃ—

नारायणादिरूपाणि ज्ञातान्यस्माभिरच्युत ।
सगुणं ब्रह्म सर्वेदं वपूर्णबुद्धिर्नतेषुनः ॥ १ ॥
ब्रह्मेति पठ्यतेऽस्माभि र्यद्रूपं निर्गुणं परम् ।
वाङ्मनोगोचरातीतं ततो न ज्ञायते तु तत् ॥ २ ॥

અર્થઃ—હે પ્રભુ ! જેટલા નારાયણ આદિ લઇને તમારા સ્વરૂપ છે, તેને તો અમે જાણીએ છીએ જે એ સર્વે સગુણબ્રહ્મ છે. એમને વિષે અમારી પૂર્ણ બુદ્ધિ નથી, અને અમે જેને બ્રહ્મ કરીને વર્ણન કરીએ છીએ, જે સ્વરૂપ નિર્ગુણ છે અને અક્ષરબ્રહ્મથી જુદું છે, તે સ્વરૂપમાં તો અમારી મન વાણી પહોંચતી નથી, માટે તે સ્વરૂપ અમે જાણી શકતા નથી. માટે તે સ્વરૂપના દર્શન અમને કરાવો, એ રીતે વેદની શ્રુતિઓએ કહ્યું, ત્યારે શ્રીપૂર્ણપુરૂષોત્તમ જે શ્રીકૃષ્ણ તેણે પોતાનું વ્યાપીવૈકુંઠ દેખડાવ્યું અને પોતાના દર્શન કરાવ્યાં તે સમે શ્રુતિઓને કેવા દર્શન થયાં તે કહે છેઃ—

कोटिकंदर्पलावण्ये त्वयि दृष्टे मनांसि नः ।
कामनोभावमासाद्य स्मरक्षुब्धान्यसंशयः ॥

અર્થઃ-તે સમે શ્રુતિઓ શ્રીકૃષ્ણનું સ્વરૂપ જોઇને સ્તુતિ કરવા લાગી જે હે શ્રીકૃષ્ણ ! તમારૂં સ્વરૂપ કોટિ કામદેવથી પણ અતીશે સુંદર છે, તે જોઇને અમને કામ ઉત્પન્ન થયો છે માટે અમે તમારી સાથે સ્ત્રીભાવે કરીને રમણ કરીએ, એ મનોરથ અમારો તમે પૂર્ણ કરો. જો તમે અમને વરદાન આપવાની ઇચ્છા કરોછો તો અમે એજ માગીએ છીએ. એ રીતે જ્યારે વેદની શ્રુતિ બોલી, ત્યારે શ્રીપૂર્ણપૂરૂષોત્તમ કહેછે જેઃ-

दुर्लभो दुर्घटश्चैव युस्माकं तु मनोरथः ।
मयानुमोदितः सम्यक् सत्यं भवितुमर्हति ॥

અર્થઃ-હે શ્રુતિઓ ! તમારો જે મનોરથ છે, તે ઘણો દુર્લભ છે, અને સિદ્ધ થવો કઠણ છે; પણ મેં તમારી સરાહના કરી તેથી એ મનોરથ સત્ય થશે, પણ તે હમણા સિદ્ધ નહી થાય તે કહે છેઃ—

कल्पेसारस्वते प्राप्ते ब्रजे गोप्यो भविष्यथ ।
वृंदावने भविष्यामि प्रपन्ने रासमंडले ॥ १ ॥
जारभावेनसुस्नेहं सुहृदंसर्वतोधिकम् ।
मयिसंप्राप्यसर्वैमाः कृतकृत्या भविष्यथ ॥ २ ॥

અર્થઃ-સારસ્વત કલ્પ જ્યારે આવશે ત્યારે તમે વ્રજમાં ગોપીઓ પ્રકટ થશો. ત્યાં શ્રીવૃંદાવનમાં રાસમાં હું તમારો મનોરથ પૂર્ણ કરીશ, અને જારભાવની પ્રીતિ તમારી મારામાં સર્વથી અધિક થશે, તે પ્રીતિથી તમે મને પામીને કૃતાર્થ થશો. એ રીતે શ્રીકૃષ્ણે શ્રુતિઓને જારભાવથી પ્રાપ્ત થવાનું કહ્યું. એ વેદની શ્રુતિઓ જે ગોપીકા થયાં છે તેઓનું નામ શ્રુતિરૂપ કહેવાય છે.

એજ રીતે રામાયણમાં કહ્યું છે, જે દંડકારણ્યવનમાં શ્રીરામચંદ્રજી પધાર્યા હતા, ત્યાં સોલ હજાર અગ્નિકુમાર નામે ઋષિઓ તપ કરતા હતા, તે ઋષિ શ્રીરામચંદ્રજીનું સ્વરૂપ જોઇને મોહિત થયા ત્યારે હાથ જોડીને શ્રીરામચંદ્રજીને વિનંતી કરી જે હે પ્રભુ ! અમને તમારી સાથે સ્ત્રીરૂપે થઇને રમણ કરવાની ઇચ્છા થઇ છે, માટે આ મનોરથ અમારો

પૂર્ણ કરો, ત્યારે શ્રીરામચંદ્રજીએ પ્રસન્ન થઇને વરદાન આપ્યું જે આ મનોરથ તમારો શ્રીકૃષ્ણાવતારમાં પૂર્ણ થશે. તે અગ્નિકુમાર ઋષિ વ્રજમાં ગોપીકા થયા તેનું નામ અગ્નિકુમાર ગોપીકા છે. એની કથા કૂર્મપુરાણમાં કહી છે તથા અથર્વણ વેદમાં કહી છે જેઃ-

व्रजस्त्रीजनसंभूतिः श्रुतिभिर्ब्रह्मसंगता ।

અર્થઃ-એ અગ્નિકુમાર ઋષિઓ વ્રજમાં સ્ત્રીઓ પ્રકટ થઇને શ્રુતિઓની સાથે એ પણ શ્રીપૂર્ણપુરૂષોત્તને પામી. એ રીતે વેદપુરાણોમાં ઠામઠામ કહ્યું છે કે જે જે ભાવે ઇશ્વરને આ જીવ ભજે તે રીતે હરિ તેનો મનોરથ પૂર્ણ કરે છે. જો જારભાવની પ્રીતિમાં અધર્મ થતો હોય તો શ્રીકૃષ્ણ તથા શ્રીરામચંદ્રજીએ સ્ત્રી થવાનું વરદાન કેમ આપ્યું તેજ સમે અપ્રસન્ન થઇ જાત ને દંડ કરત પણ ઇશ્વર તો સર્વરૂપ છે, પિતારૂપ અને સ્વામિરૂપ છે, ભાઇરૂપ છે, પુત્રરૂપ છે. જે જે ભાવે ઇશ્વરમાં પ્રીતિ રાખે તે રીતે ઇશ્વર તેનો મનોરથ પૂર્ણ કરે છે. નંદરાયજી વસુદેવજીએ પુત્ર ભાવનો વર માગ્યો તો તેનો પુત્રભાવનો મનોરથ પૂર્ણ કર્યો. ગોપીકાએ જારભાવથી પ્રીતિ કરી તો જાર થઇને સુખ આપ્યું અને આ અજ્ઞાની કહે છે જે અધર્મ છે. એ વાર્તા વેદપુરાણથી કેટલી ઉલટી કહે છે. તે ઉપર કોઇ ભકતે સાખી કહી છે જેઃ-

ઉકરડે ચરનાર ખર શું જાણે બાગની સહેલ,
મરણ મીશ્રીથી ત્હેનું જીવન જગતનું મેલ.

અર્થઃ-ઉકરડાના ચરનાર જે ગધેડા છે તે બાગની સહેલને શું જાણે, જે બાગની સહેલ કેવી છે ? સાકર ખાધાથી ગધેડા મરણ પામે છે. અને ઉકરડા ઉપર પડેલો કચરો ખાઇને જીવે છે. તેમ પરબ્રહ્મના સુખને ચાહનાર જે ભક્ત છે, તેનું જીવન તો જારભાવનીજ પ્રીતિ છે. એ પ્રીતિને અભક્ત શું જાણે ? તે તો નર્કની પ્રીતિની ઇચ્છા કરનારા છે. દેહ, સ્ત્રી, ધન એ મળ્યું એટલે પરમેશ્વર જ મળ્યા. પણ અનુભવ કરતાં પણ સાફ જણાઇ આવે છે જે જારભાવ જેવી પ્રીતિ કોઇ ઠેકાણે નથી. તે સારૂ શાસ્ત્રમાં જારભાવની પેઠે પ્રીતિ હરિમાં રાખવી કહી છે, જુવો કે જારભાવની પ્રીતિવાળી સ્ત્રી ઘરનું કામ કરે

છે, પણ રાત દહાડો તેનું મન જારને મળવા સારૂ લાગ્યું રહે છે અને યાર પરદેશ જાય તો તેના વિયોગથી તેને અન્ન ભાવતું નથી; શ્રૃંગાર સારો કરવો ગમતો નથી, અને અતિશે વિયોગનું દુ:ખ થવાથી તે પોતાની દેહ છોડી દેછે. એ રીતની પ્રીતિ પરમેશ્વરમાં રાખવી શાસ્ત્રમાં અતિશે ઉત્તમ કહ્યા છે. તે પ્રીતિને એ મૂર્ખ કહે છે, જે એ પ્રીતિ ધિક્કાર કરવા જોગ છે પણ જારભાવે કરીને ઇશ્વર સાથે કાંઇ વ્યભિચાર કરવો એવું કહ્યું નથી, કારણ જે શ્રીગોપીજનની યોગ્યતા પ્રમાણે આ જીવની યોગ્યતા નથી. અને સાક્ષાત્ ઇશ્વર સાથે સંબંધ પણ આ જીવનો નથી. એ ઉપર એક દૃષ્ટાંત કહીએ છીએ. કોઇ એક સ્ત્રી સંધ્યાકાલ સમે યારની પાસે જતી હતી તે સમે કોઇએક ફકીર રસ્તામાં બેઠો ભજન કરતો હતો. પણ અંધારૂં હતું તેથી તે ફકીરને તે સ્ત્રીએ દીઠો નહી ને ઠોકર મારતી ચાલી ગઇ. તેની પણ તેને ખબર રહી નહી. તે સમે ફકીર કાંઇ બોલ્યો નહી, પણ જ્યારે તે સ્ત્રી પાછી આવી ત્યારે તે ફકીરે કહ્યું જે:-અરે રાંડ ! તું મને ઠોકર મારીને ચાલી ગઇ પણ તે સમે હું ઇશ્વરના ધ્યાનમાં હતો તેથી બોલ્યો નહી, ત્યારે તે સ્ત્રીએ જવાબ દીધો જે તું ઇશ્વરના ધ્યાનમાં હોત તો મેં ઠોકર મારી તેની તને ખબર રહેત નહી. જો કે મારી તુચ્છ પ્રીતિ યારમાં હતી તેથી મેં તને દીઠો નહી અને ઠોકર મારી તેની પણ મને તેના ધ્યાનમાં ખબર ન રહી. અરે ! તારી ખરી પ્રીતિ ભગવાનમાં હોત અને તેના ઉપર ધ્યાન હોત તો તને ઠોકર લાગ્યાની ખબર કેમ રહેત ? એટલું સાંભળતાં માત્ર તે ફકીરે કાન પકડયો અને તે સ્ત્રીને પગે લાગ્યો જે હે માતા તેં વાત કહી તે ખરી છે. આજથી મેં તને ગુરૂ કરી. એ દૃષ્ટાંતમાં પણ પ્રીતિનો ઉપદેશ લીધો છે જેમ દત્તાત્રયઋષિએ ચોવીસ વસ્તુઓ પાસેથી ઉપદેશ લીધો તેમ જારભાવની પ્રીતિનો સાર લેવો. એ રીતે કાંઇ વ્યભીચાર કરવો એમ કહ્યું નથી. હરિના ભક્ત એ મર્મને જાણે છે.

દોહો.

વાહી જાણે વેદના, અણુવાહી તાણે ગાલ;
વીરહિણીજાણે વેદના, પ્રેમ ભક્તિની ચાલ

વલી શ્રુતિના વરદાનમાં એજ અધ્યાયમાં કહ્યું છે જેઃ-

स्त्रियो वा पुरुषोवापि भक्तिभावेन केशवम् ।
हृदि कृत्वा गतिं याति श्रुतीनांनात्र संशयः ॥

અર્થઃ-સ્ત્રી અથવા પુરૂષ ભકિતભાવે કરીને હરિને ભજે તો શ્રુતિઓને જેવું પ્રાપ્ત થયું તેવો મનોરથ તેનો સિદ્ધ થાય. એ રીતે શાસ્ત્રમાં કહ્યું છે જે જેવો મનોરથ રાખી પ્રભુને ભજે તેવો મનોરથ પ્રભુ તેનો પૂર્ણ કરે. એ રીતે કહ્યું છે. માટે આંધળાને ખભે હાથ મુકીને દેખતાઓએ ચાલવું નહી.

દોહો.

ખભે અંધને હસ્ત ધરી, પાછળ ચાલે જેહ;
પડે ખાડમાં સૂરનર, પાછળ પડશે તેહ.

જે શાસ્ત્રને જાણતા નથી તેને આંધળા શાસ્ત્રમાં કહેલા છે. તેના બતાવ્યા ઉપર ભરોંસો રાખીને દેખતા પુરૂષે આંખો મીંચીને તેના ખભા ઉપર હાથ મુકીને ચાલવું નહી, કેમ જે દુઃસંગી લોકોનો અભિપ્રાય હિંદુ લોકોને વટલાવવાનો છે. માટે હરેક પ્રકારે કરીને શાસ્ત્ર ઉપર દુષણ મુકીને તેને ખોટું કરીને લોકોને બતાવીને વટલાવવા છે એ વાતનો સુધારો મુંબાઇમાં ચાલેલો છે. અને બીજા દેશોમાં પણ પ્રવર્ત થયો છે. આ જારભાવની પ્રીતિનો પ્રસંગ બીજો સંપૂર્ણ.

प्रसंग त्रीजो.

વળી એ અજ્ઞાની કહે છે જે વલ્લભી માર્ગવાળા હરિના શ્રૃંગાર રસના પદ ગાય છે, તેથી મ્હોટી અનીતિ પેદા થાય છે. વ્યાસજીએ રાસ પંચાધ્યાઇ બ્હીતે બ્હીતે કરી છે, રખેને લોકમાં અનીતિ ચાલે એ રીતે તેણે કહ્યું છે પણ જો વ્યાસજી બ્હીતે તો બીજા પુરાણોમાં હરિની રસ શ્રૃંગારની લીલા શ્રીમદ્‌ભાગવત કરતાં પણ વિશેષ વર્ણન કર્યું છે તે કરત પણ નહી. હરિની જેટલી લીલા છે તે હરિની પ્રાપ્તિ કરાવનારા છે. ગીતાજીના ચોથા અધ્યાયના નવમા શ્લોકમાં શ્રીભગવાને કહ્યું છેઃ-

जन्म कर्म च मे दिव्यं एवं यो वेत्ति तत्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥

અર્થઃ—મારાં જન્મચરિત્ર સર્વે અલૌકિક છે. તેને જે સારરૂપ કરીને જાણે છે અને ગાય છે, તે પુરૂષ શરીર છોડયા પછી પુનર્જન્મ પામતો નથી. મનેજ તે પામે છે. એ રીતે શ્રીભગવાને કહ્યું છે તે છતાં એ એમ કહે છે જે એ લીલા અનીતિને ઉત્પન્ન કરનારી છે તેથી એનો ભાવ તેવું એને ફળ થશે. તે ગરૂડપુરાણમાં કહ્યું છેઃ—

यादृक् चित्तप्रतीतं स्यात् तादृक् कर्मफलं नृणां ।
परलोकेगतंस्तादृक् शुचिसूत्रविचारणा ॥

જેવો જીવનો વિશ્વાસ તેવું તે કર્મનું ફળ તેને થાય છે અને પરલોકમાં પણ તેને તેવું ફળ મલે છે. જેમ સૂત્રમાં અક્ષર જે પ્રમાણે છે તે પ્રમાણે અર્થ પણ તેનો તેવોજ થાય છે. તે રીતે જેવો ભાવ તેવું ફળ થાય છે. એ રીતે હરિની લીલા જેવા ભાવથી ગાય તેવું ફલ તેને મળે. એ પ્રસંગ ત્રીજો સંપૂર્ણ.

प्रसंग चोथो.

સત્ય પ્રકાશના વર્તમાનપત્ર પ્રથમ આસો વદિ ૧ સંવત ૧૯૧૬ ના પત્રમાં સત્ય પ્રકાશવાળાએ સર્વ લોકોને છાપીને જણાવ્યું છે જે स्वधर्मवर्धक अमे संशय छेदक નામના પહેલા અંકના ગ્રંથમાં શ્રીજદુનાથજી મહારાજે ગીતાજીનો શ્લોક લખીને સર્વ લોકોને જણાવ્યું છે જે શાસ્ત્રની વીધી છોડીને ચાલે છે તે પરલોકમાં સુખ પામતો નથી. પણ તેમનાજ વડીલ મહારાજ શ્રીદ્વારકેશજીએ દશ મર્મમાં વેદની આજ્ઞા મુકીને ચાલવાનું કહ્યું છે. એ રીતે લોકોને દેખડાવ્યુ છે પણ એ દશે મર્મમાં એકે મર્મમાં વેદની આજ્ઞા છોડી દેવાનું કહ્યું નથી. તે છતાં એ સખ્સ એમ કહે છે, પણ એને દશ મર્મનો અર્થ જે એના પત્રમાં લખેલો છે તે મુંબાઇમાં જનાર્દન રામચંદ્રનો રચેલો કવિચરિત્ર નામે ગ્રંથ દક્ષણી ભાષામાં છપાયેલો છે તેમાંથી એણે એ મર્મનો

અર્થ લખી લીધો છે. પણ તેણે કોણ જાણે શા કારણ સારૂ તે મર્મનો અર્થ ઉલટો કર્યો હશે. તેની તો એ સત્યપ્રકાશવાળાને ખબરજ નથી.

સાખી.

અફીણ બળે જે ચાલશે, પડશે ભૂમી એહ;
ઘસે ટાંટીઆ ફડફડી, ફરી ન ઉઠે તેહ.

એ રીતે આ સત્યપ્રકાશવાળાનું બોલવું છે પણ સૂર્યના પ્રકાશ આગળ પતંગનો પ્રકાશ જેમ રદ પડી જાય છે તેમ બ્રહ્મમાં ખરા અર્થ આગળ એનો ખોટો અર્થ રદ પડી જવાનો તે તો મનમાં સમજતો નથી. એ પુષ્ટિમાર્ગના દશ મર્મમાં સર્વ વેદ શાસ્ત્રનો સાર શ્રીહરિરાયજી- એ સર્વે ઉપર ઉપકાર કરીને કહેલો છે. એજ મર્મ ઉપર શ્રીદ્વારકેશજી મહારાજે ટુંકામાં પદ કહ્યું છે. માટે હે વૈષ્ણવો તમે જુવો કે એમાં શું કહ્યું છે. એ દશ મર્મનો રાગ પ્રભાતી છે.

પુષ્ટિમાર્ગતણા મર્મ દશ જાણીને, નિત્ય આચરણ કરી હૃદયે વિચારે;
તો તેને વશ થાયરે શ્રીહરિ, પ્રેમની વેલડી ત્યાં વિસ્તારે. ૧

અર્થઃ-પુષ્ટિમાર્ગના દશ મર્મ છે તેને હૃદેમાં સમજીને તે પ્રમાણે નિત્ય આચરણ જે ભકત કરશે તેને પ્રેમની વૃદ્ધિ થશે અને તે પ્રેમવડે તેના વશમાં ભગવાન થશે. એ મર્મનો શબ્દાર્થ છે. એમાં આસુરી જીવોને મ્હોટી આશંકા આવશે. જે ભગવાન કોઇને વશ થતા નથી એ વાત બનાવટની છે એવું જો કહેશે તો તે વિશે શ્રીમદ્ભાગવત નવમા સ્કંધમાં શ્રીભગવાને પોતે કહ્યું છે જેઃ-

अहं भक्तपराधीनो ह्यस्वतंत्र इव द्विज ।
साधुभि ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रियः ॥

અર્થઃ-હે દુર્વાસા ઋષિ! હું ભકતને આધિન છું. એ વાત મનમાં તમે નિશ્ચે કરીને જાણજો. કેમ જે હું મારા સ્વાધિનની પેઠે નથી કારણ જે ભકતોએ મારૂં હૃદય પોતાની તરફ ભકિત વડે ખેંચી લીધું છે. માટે ભકિતવડે આ ભકતજન મને ઘણા વ્હાલા લાગે છે. એ રીતે શ્રી- ભગવાને કહ્યું છે જે હું ભકિતથી ભકતને વશ થાઉં છું. એવું વેદ

શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે કહ્યું છે. તેજ સાર આ મર્મમાં કહેલો છે. મર્મનો અર્થ એ જેઃ- હૃદયાનું હાર્દ જેમ કેટલાએક કહે છે જે મેં તમારી વાતનો મર્મ જાણ્યો તેમ આ દશ મર્મે કરીને ભગવાનના હૃદયનો હાર્દ જણાવ્યો છે. પણ कवि चरित्र ग्रंथ કરનારે એમ લખ્યું છે જે વેદ માર્ગને તોડીને ચાલે તેને પુષ્ટિમાર્ગી ભકત કહે છે અને વેદમાર્ગની આજ્ઞા પ્રમાણે ચાલે તેને મર્યાદામાગ એ લોક કહે છે. પણ એ વાત બીલકુલ્ અસત્ય છે. જુવો કે આ દશ દર્મમાં શાસ્ત્રથી ઉલટું શું કહ્યું છે. તે વાતનો સર્વે લોકો વિચાર કરીને જોશે તો તેનું કહેવું સર્વેની નજરમાં આવશે. પણ સદ્ગુરૂની કૃપા વગર મર્યાદા માર્ગનો અને પુષ્ટિમાર્ગનો ભેદ શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે પ્રસિદ્ધ કરીને કહ્યો છે. પણ સૌના જાણવામાં તે આવતો નથી. તેનું કારણ શ્રીભગવાને ગીતાજીના સાતમા અધ્યાયના પંદરમા શ્લોકમાં કહેલું છેઃ-

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यंते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥

અર્થઃ-જે પુરૂષ હિંસાનો કરનાર તથા કેવલ મૂર્ખ તથા સ્ત્રી દ્રવ્યાદિ માયાએ જેનું જ્ઞાન ખેંચી લીધું છે. એવા અને આસુરી ભાવનો આશરો કરીને જે રહેલા છે તે જીવ મનુષ્યમાં નીચ જાણવા. તે જીવ મારે શરણે નથી આવતા. એવા જીવો ઊપર કોઇ ભકતે સાખી કહી છે.

ઊકરડે ચરનાર ખર, શું જાણે બાગની સહેલ;
મરણ મીશ્રીથી તેનું, જીવન જગતનું મેલ.

એવા આસુરી જીવ મર્યાદામાર્ગ અને પુષ્ટિમાર્ગનો ભેદ શું સમજે. તે તો સદ્ગુરૂની કૃપા હોય તોજ સમજવામાં આવે. તે શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં શ્રીભગવાને કહ્યું છેઃ-

संतोदिशंतिचक्षूंषि बहिरर्कःसमुत्थितः ।
देवताबांधवाःसंतः संतआत्माहमेवच ॥

અર્થઃ-મ્હોટા પુરૂષ છે તે બહારનો સૂર્ય છે. જેમ અંધારામાં પડેલી વસ્તુ આપણી પાસે પડી છે તોપણ આપણે આપણી આંખો વડે જોઇ

શકતા નથી. જો કે આંખો છે તોપણ દીવો તથા સૂર્યના પ્રકાશ વગર આપણી આંખો તે વસ્તુને જોઇ શકતી નથી, તેમ શાસ્ત્ર છે તથા બુદ્ધિ છે તોપણ મ્હોટા પુરૂષ તે શાસ્ત્રના મર્મની સમજ પાડે તો જ પડે છે તેથી મ્હોટા ભકતોને દેવતા બરાબર તથા ભાઇ બરાબર સહાયકારી જાણવા અને સત્ય પુરૂષ છે તે મારો જ આત્મા છે માટે મારૂં સ્વરૂપ છે એ રીતે શ્રીભગવાને કહ્યું છે.

હવે सत्यप्रकाशवाळाए પત્રમાં પ્રશ્ન કર્યો હતો જે વેદ પુરાણ જ્યારે ઇશ્વરના કરેલા છે ત્યારે શ્રીવલ્લભાચાર્યે જુદા જુદા ગ્રંથ શું કામ કર્યા. એ રીતે કહ્યું તેનો ઊત્તર એ જે વેદ શાસ્ત્રતો પંડિત પણ ભણે છે તો પણ મ્હોટા પુરૂષના સંગ વગર તેને શાસ્ત્રના મર્મની ખબર પડતી નથી, તો વગર ભણેલા લોકોને પોતાને ચાલવાના માર્ગની કેમ ખબર પડે ? એ સારૂ નાના નાના ગ્રંથ કરીને શાસ્ત્રના વિષયની એક એક વાતની ખબર પાડી છે. તે સારૂ જુદા જુદા ગ્રંથ કર્યા છે, તે ગ્રંથોમાં કેવલ શાસ્ત્રજ ભરેલું છે. જેમ નિશાળોમાં છોકરાઓને શિખવવા સારૂ કેટલી બધી જુદી જુદી ચોપડીઓ કરવી પડે છે તે સર્વે ચોપડીઓ શું તે વિદ્યાથી જુદી છે ? એ બોલવું કેવલ મૂર્ખાઇ ભરેલું છે. તેમ શ્રીમહાપ્રભુજીએ જુદા જુદા ગ્રંથ શા સારૂ કર્યા એવું બોલવું પણ મૂર્ખાઇનું છે. શાસ્ત્રમાં કહ્યું છે જેઃ—

अज्ञानतिमिरांधस्य ज्ञानांजनशलाकया ।
चक्षुरुन्मीलितंयेन तस्मैश्रीगुरवेनमः ॥

અર્થઃ—અજ્ઞાન તિમિર રોગે કરીને જે આંધળો થયો છે અને તેની આંખો મીંચાઇ ગઇ છે, તેને જેમ અંજન કરીને વૈદ્ય દેખતો કરે છે, તેમ જ્ઞાન રૂપી અંજને કરી સદ્ગુરૂ તેને પરલોકમાં દેખતો કરે છે એવા જે ગુરૂ તેને નમન કરૂં છું.

હવે પાંચમો મર્મ કહે છેઃ-

પાંચમો મર્મ શ્રીકૃષ્ણ શરણાગતી, લોક વૈદિક પરિત્યાગ ભાવે;
નિરપેક્ષ ભાવતે સર્વ વિશે રાખવો, ત્યારે શ્રીકૃષ્ણને દયારે આવે.

અર્થઃ-શાસ્ત્રનો પાંચમો સાર એ છે જે, એક શ્રીકૃષ્ણના શરણે રહેવાની ઇચ્છા રાખવી, અને બીજા લૌકિક ફળ જે સ્ત્રી, પુત્ર ધનાદિક અને વૈદિક ફલ તે સ્વર્ગાદિક તથા મુકિત ફલ છોડવાનું જેને ભાવે છે, એવા પુરૂષોએ તે લૌકિક તથા વૈદિક એ સર્વે ફળોથી નિર્પેક્ષ એટલે નિષ્કામ રહેવું. નિષ્કામ એટલે એ ફળોની ઇચ્છા રાખવી નહી. એ રીતે જીવ જ્યારે રહે ત્યારે પ્રભુના મનમાં એ જીવ ઉપર દયા આવે. જે આ જીવ મારા શરણ વગર બીજા કોઇ ફલની ઇચ્છા હવે રાખતો નથી. એવું ભગવાન પોતાના મનમાં લાવીને આ જીવને જન્મ મરણના દુઃખથી છોડાવીને સર્વ સુખ આપે છે. એ પાંચમા મર્મનો અર્થ છે. અને सत्यमकाशवाळाए લખ્યું છે, જે મહારાજોના વડીલે કહ્યું છે, જે લોકની લાજ અને વેદની આજ્ઞા મુકીને શ્રીકૃષ્ણની શરણે રહેવું એ રીતે કહ્યું છે. હવે લોકોએ જોવું કે વેદની આજ્ઞા મુકી દેવાનું આ મર્મમાં કયાં કહ્યું છે? અને લોકની લાજ મુકી દેવાનું કયાં કહ્યું છે? જુવો કે આ રીતે મર્મનો અર્થ સમજ્યા વગર એ સખ્સ અજ્ઞાનથી અર્થ કરે છે. પણ ચતુર્થ સ્કંધમાં ભાગવતમાં જે ઉપદેશ નારદજીએ પ્રાચીન બરહીશ રાજાને કર્યો છે તેજ ઉપદેશનો સાર આ મર્મમાં કહેલો છે.

यदा यमनुगृह्णाति भगवानात्मभावितः ।
स जहाति मतिं लोके वेदे च परिनिष्ठिताम् ॥

અર્થઃ-આત્માને પ્રિય એવા જે ભગવાન્ જ્યારે આ જીવ ઉપર કૃપા કરે છે, ત્યારે તે જીવની બુદ્ધિ લોક તથા વેદથી બહાર થાય છે. એ શ્લોકનો અર્થ અજ્ઞાની તો એવોજ કરશે. જે લોકને તથા વેદને મુકીને ચાલવું આ શ્લોકમાં કહ્યું છે પણ એવો અર્થ આ શ્લોકમાં નથી. મર્મમાં જે અર્થ કહ્યો છે તેજ અર્થ આ શ્લોકમાં છે. લોકશબ્દે કરીને લૌકિક ફળ જે સ્ત્રી, પુત્ર, દાનાદિક અને વેદશબ્દે કરીને વેદમાં કહેલા

કર્મ માર્ગના ફળ જે સ્વર્ગાદિક તથા મુકિત ફળ. એ બંને ફળ એ મુકીને એક હરિનેજ પામવાની જેની બુદ્ધિ થાય છે. તેનું નામ લોક વેદથી બહારની બુદ્ધિ કહેવાય છે એવી બુદ્ધિ કયારે થાય? જ્યારે ભગવાન્ એ જીવ ઉપર કૃપા કરે એ રીતે નારદજીએ કહ્યું છે. પણ અજ્ઞાની લોક શાસ્ત્ર સિદ્ધાંત સમજ્યા વગર કયાંથી કહી શકશે? જેમ આ દોહામાં કહ્યું છે જે:-

જે જને જાણ્યું નહી, શકે ન સમજી તેહ;
મેંડક પુછે હંસને, કુડી કૂપક છેહ.

જે વસ્તુ જેણે જાણી નથી તો તે વસ્તુને તે કદી સમજી શકતો નથી. જેમ હંસને દેડકાએ પુછયું જે તારૂં માનસરોવર કેટલું મ્હોટું છે? એમ કહીને દસવીસવાર કુવા તરફ ફરી વળ્યો. ત્યારે હંસ બોલ્યો જે ભાઇ! તે તો ઘણુંજ મ્હોટું છે ત્યારે દેડકાએ કહ્યું જે, તું અસત્ય બોલે છે. એ રીતે દેડકા સરખા લોકો દુષણ આપશે તેથી શું સમજુ લોક માનશે? ઉલટું તેના બોલવાને હસશે. જુવો કે એજ અર્થ શ્રીભગવાને ગીતાજીમાં અધ્યાય ૨ શ્લોક ૪૫ માં કહ્યા છે:-

त्रैगुण्यविषयावेदा निस्त्रैगुण्यो भवार्जुन ।

અર્થ:- હે અર્જુન! વેદમાં ત્રણ ગુણના વિષય કહેલા છે તેના ફળની ઇચ્છા તું રાખીશ નહી તું તો એક મને પામવાની ઇચ્છા રાખીને નિર્ગુણ રીતે કર્મ કર. ત્રણ ગુણના વિષયનો અર્થ એ છે જે, વેદના કર્મ જે જે ફળ પામવાની ઇચ્છા રાખીને આ જીવ કરે તે તે ફળને કર્મ આપે છે. પણ તે ફળ સદા અચલ રહેતું નથી. માટે ભગવાને વેદના કર્મ ફળને ત્યાગ કરવાની આજ્ઞા કરી છે પણ વેદ આજ્ઞા ઉલ્લંઘન કરીને કર્મનો ત્યાગ કરવાની આજ્ઞા કરી નથી એજ વાત એકાદશ સ્કંધમાં શ્રીભગવાને કહી છે:-

धर्म मेभाक्तकृतःोक्तो ज्ञानंचैकात्मदर्शनं ।

અર્થ:-હે ઉદ્ધવજી! શાસ્ત્રમાં જેનું નામ ધર્મ કરીને કહ્યું છે તેતો એક મારી ભકિત છે; અને બીજા દાન, જ્ઞાન, તપ, એઓનું નામ પણ ધર્મ કહેવાય છે, પણ તે ધર્મ મુખ્ય નથી. કેમ જે એકલા તેજ

ધર્મવડે મારી ભકિત વગર જીવોને મારી પ્રાપ્તિ થતી નથી. તેથી તો કેવળ તુચ્છ ફળ મળે છે. અને જેનું નામ જ્ઞાન કહ્યું છે. તે તો હુંજ મારા અંશે કરીને જગત્‌માં રહેલો છું. એવું જે જોવું તેનું નામ શાસ્ત્રમાં જ્ઞાન કહેવાય છે. હવે લૌકિક વૈદિક ફળ મુકીને એક હરિનેજ શરણે રહેવું એજ વેદશાસ્ત્રમાં મુખ્ય ફળ કહ્યું છે. અને એજ અર્થ આ મર્મમાં કહ્યો છે. એ મર્મમાં વેદની આજ્ઞા મુકીને ચાલવાનું કહ્યું નથી. કેમ જે ભકિતમાર્ગ છે તે પણ વેદના ઉપાસના કાંડમાં તથા જ્ઞાન કાંડમાં કહેલો છે. જો વેદની આજ્ઞા મુકી દેવી કહી હોય ત્યારે તો ભકિતમાર્ગ પણ મુકી દેવો ઠરાવ્યો ત્યારે ફરી એ જીવોનો ઉદ્ધાર કયાંથી થશે? જેનું નામ આચાર્ય છે તે તો કદી એવું બોલે નહીં. જે વેદની આજ્ઞા મુકી દેવી ને વેદના કર્મકાંડ પ્રમાણે સર્વે વૈષ્ણવ વેદ આજ્ઞા પ્રમાણે આચરણ કરે છે. જુવો કે નિત્ય સંધ્યા વંદન કરે છે. લગનમાં ગણપતી સ્થાપન કરે છે. અધરણીમાં તથા વિવાહમાં ગ્રહશાંતી કરે છે. પુત્ર જન્મે ત્યારે છઠી દેવીનું પૂજન કરે છે. શ્રાધમાં પિતૃઓનું પૂજન કરે છે, હિંસાદિક પાપનું પ્રાયશ્ચીત કરે છે, સંક્રાતી એકાદશી વ્રતોમાં દાન પુન્ય કરે છે એ રીતે સર્વે વૈષ્ણવો કર્મ કાંડની આજ્ઞા પ્રમાણે કરે છે. પણ તે મર્મમાં લૌકિક ફળની ઇચ્છા રાખ્યા વગર કરે છે એક શ્રીભગવાન્ પ્રસન્ન થવાને અર્થે મનમાં સંકલ્પ કરીને કરે છે. એમાં કયે ઠેકાણે વેદની આજ્ઞા લોપીને વૈષ્ણવ માર્ગવાળા ચાલે છે. અને વેદના જ્ઞાનકાંડમાં કહ્યું છે જે પરબ્રહ્મ પોતાના અંશે કરીને આ જગત્‌માં બીરાજે છે. માટે હિંસા ન કરવી અને અભક્ષ ન ખાવું, સર્વ જીવ માત્ર ઉપર દયા રાખવી. એ જ્ઞાનકાંડનું સિદ્ધાંત છે તેજ પ્રમાણે વૈષ્ણવ માર્ગવાળા ચાલે છે વૈષ્ણવ માર્ગમાં કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ અને ભકિતમાર્ગ એ ત્રણે વેદની આજ્ઞા પ્રમાણે રહેલા છે કયે ઠેકાણે વેદ આજ્ઞાથી બહાર ભકિતમાર્ગવાળા ચાલે છે.

છઠો મર્મ તે કેવળ નાથંનો સર્વ પરિત્યાગ ગુણગાન કરવું,
ગાનદ્વારા કરી સકળ લીલા ખરી શ્રીવ્રજનાથને હ્રદે ધરવું.

શાસ્ત્રનો છઠો સાર એ છે જે એક પોતાના સ્વામિ એવા જે શ્રીકૃષ્ણ

તેનાજ ગુણગાન કરવાની ઇચ્છા રાખવી બીજા સર્વ લૌકિક વૈદિક ફળની ઇચ્છાનો ત્યાગ કરવો, હરિની સર્વ લીલાનું ગાન કરવાથી શ્રીકૃષ્ણ -હદેમાં સદા બિરાજમાન થાય છે. એ મર્મનો મૂળ શબ્દાર્થ શ્રીભાગવતમાં દ્વાદશ સ્કંધમાં કહ્યું છેઃ-

उपजाति छंद.

मंसारसिंधुमतिदुस्तरमुत्तितीर्षो ।
नल्पप्लवोभगवतः पुरुषोत्तमस्य ॥
लीलाकथारसनिषवेणमंतरेण ।
पुंसोभवेद्विविधदुःखदवार्दितस्य ॥

સંસાર સમુદ્ર તરવો અતિશે કઠિણ છે તે તરવાને ભગવાન એવા જે શ્રીપૂર્ણપુરૂષોત્તમની લીલા રૂપી વહાણ છે. તેને અંતઃકરણમાં રાખવાથી આ પુરૂષ આધિદૈવિક આદિભૌતીક એ બંને દુઃખના તાપને દુર કરી શકે છે. અને સહેજમાં આ સંસાર સમુદ્રમાંથી તરીને ભગવાનને પ્રાપ્ત થાય છે. આધિદૈવિક આધિભૌતીક દુઃખનો અર્થ એછે જે પૂર્વના કર્મે કરીનેજ દુઃખની પ્રાપ્તિ થાય તેનું નામ આધદૈવિક અને આ જન્મના કર્મે કરીનેજ દુઃખ થાય છે તે આધભૌતીક એ બને પ્રકારના દુઃખથી છુટી જાય છે માટે હરિના ગુણ ગાવા ઊપર પ્રીતિ કરવી એ શાસ્ત્રમાં કહ્યું અને એજ મર્મમાં કહ્યું છે.

સાતમો મર્મ તે અંતર્ય સેવા વાંસનાત્મક જેવી વ્રજમાંહે ફરવું;
ભાવાત્મક વપુ તાંહાંરે પોતાતણો સખીરે ભાવે સ્નેહ જાણી વરવું.

શાસ્ત્રનો સાતમો સાર એ છે જે રાત દહાડો હરિના સ્વરૂપનું મનમાં ધ્યાન ધરીને હરિની સેવા આપણે કરીએ છીએ, એ ચીંતન કરવાનું મનને વ્યસન કરવું અને આપણે સદા વ્રજભૂમીનું ધ્યાન ધરવું અને ત્યાં જાણે આપણે ફર્યા કરીએ છીએ. એવું ચિંતન કરીને સખીભાવ જે દાસીભાવ રાખીને વ્રજભક્તોની સેવામાં તત્પર રહીને હરિ આપણી સેવાનો અંગીકાર કરે એ ઇચ્છા રાખવી, એ રીતનું મનન રાત દહાડો રાખવો. શ્રીમદ્ભાગવતમાં એકાદશ સ્કંધમાં કહ્યું છેઃ-

यत्र यत्रमनोदेही धारयेत्सकलंधिया ।
स्नेहाद्वेषाद्भयाद्वापि यातितत्तत्सरूपतां ॥ १ ॥
कीटाःपेशस्कृतंध्यायन् कुड्यांतेनप्रवेशितः ।
यातितत्साम्यतांराजन् पूर्वरूपमसंत्यजन् ॥ २ ॥

અર્થઃ-જ્યાં જ્યાં એ જીવનું મન છે તથા દેહ છે તે દેહ મનવડેજ બુદ્ધિએ કરીને ધારણ કરે છે. એ સ્નેહથી, દ્વેષથી અથવા ભયથી તેથી કરીને એ જીવ સ્વરૂપ ધારણ કરે છે તે ઊપર દ્રષ્ટાંત કહે છે જેમ ક્રીડો છે તેને ભમર લાવીને એક માટીના ઘરમાં પુરી મુકે છે અને વારે ઘડીએ આવી તેને ચટકો મારે છે તેના ભયથી તે ક્રીડો પોતાનું સ્વરૂપ તજીને ભમરા જેવો થઇ જાય છે તેમ હરિમાં સ્નેહવડે, દ્વેશવડે, ભયવડે જો અહર્નિશ આ જીવની બુદ્ધિ રહે તેથી કરીને તેનું મન હરિરૂપ થઇને હરિને પામે છે. માટે મનને હરિરૂપ કરવા સારૂ હરિનુ ધ્યાન રાખવાનું સાતમા મર્મમાં કહ્યું છે. એમાં હરિનું મનન કરવાનું કહ્યું છે.

અને सत्यप्रकाशवाळाए પોતાના પત્રમાં સર્વેને લખીને જણાવ્યું છે જે કર્મમાર્ગ તથા જ્ઞાનમાર્ગથી ભકિતમાર્ગ ઊલટો છે. પણ જો સમજુ લોકો એ વાતનો વિચાર કરીને જોશે તો સર્વેની નજરમાં તરત આવશે જે એનુંજ બોલવું ઊલટું છે હવે એજ રીતે कविचरित्र ग्रंथ બનાવનારે પણ લખ્યું છે જે મહારાજોના વડીલોએ પણ વેદની આજ્ઞા મુકીને ચાલવાનું મર્મમાં કહ્યું છે. પણ કોઇ મર્મમાં વેદની આજ્ઞા મુકીને ચાલવાનું કહ્યું નથી. એ ઠેકાણે કદાપિ કોઇ એમ કહેશે જે સર્વ ભકિત-માર્ગી લોકો વેદ ની આજ્ઞા પ્રમાણે બરાબર ચાલે છે તો તેનો ઉત્તર જે સૌ જાતના લોકોમાં પોતપોતાના શાસ્ત્રના કહેવા પ્રમાણે કેટલાક લોકો ચાલે છે અને કેટલાએક નથી પણ ચાલતાં, કોઇ અસત્ય માર્ગે પણ ચાલે છે તેથી શું સર્વે લોકો અસત્ય માર્ગે ચાલે છે ?

એમ કહેવાશે ? ના નહી. કેટલાએક વ્યભિચારી છે કેટલાએક હિંસક છે તેથી શું તેની આખી ન્યાત એવી છે ? એમ કદી કહી શકવાનું નથી એ બોલવું કેવળ એનું અદેખાઇનું છે એ સાફ માલુમ

પડે છે. વળી એ सत्यप्रकाशवाळाए લખ્યું છે જે પોતાનો માર્ગ ચલાવવા સારૂ આ મર્મમાં શું શું યુકિતઓ કરી છે. અરે રે ! આ કેવી ઠગાઇ ! કેવી લુચ્ચાઇ ! અરે વૈષ્ણવો ! તમને ભગવાને અક્કલ બુદ્ધિ આપી છે માટે તમે વિચાર કરીને જુવો એ રીતે सत्यप्रकाशवाळाए લખ્યું છે. પણ આ મર્મનો અર્થ તપાસતાં કોની ઠગાઇ અને કોની લુચ્ચાઇ છે તે સર્વેના ધ્યાનમાં તરત આવશે. અરે નિંદક લોકો ! જેમ જેમ આ માર્ગને ખોદશો તેમ તેમ આ માર્ગની મજબૂતી લોકોના ધ્યાનમાં આવતી જશે! જેમ કે થાંભલાની નીચે ખોદવાથી તે થાંભલો મજબૂત થતો જાય છે તે થાંભલાને ફરી બ્હાર કહાડી નાંખવાને ઘણી કઠણતા પડે છે. નિંદક લોકો ઉપર કબીરે એક સાખી કહી છેઃ-

નિંદા હમારી જો કરે મિત્ર હમારા સોય,
બીન સાબુ બીન પાણીએ મેલ હમારા ધોય.

તેજ રીતે અનુભવી ભકત તુકારામે દક્ષણી ભાષામાં અભંગ કહ્યું છેઃ-

निंदकाचे घर असावे शेजारीं, गुणदोष उचारी वेळोंवेळां:
निंदकाचे तोंडी साबुनाची वडी, देहाची पासोडी शुद्ध केली. १
तुकाम्हणे माझ्यागळयाचा ताईत, तेणे हा उपकारें फार केला:

તેજ રીતે નિંદકનો ઉપકાર શાસ્ત્રમાં માનેલો છે. માટે તમારે સદા એવુંજ કામ કરતા રહેવું એજ અમારી ભલામણ તમને છે. ઘણું લખેથી શુ વિશેષ છે ? અને વળી सत्यप्रकाशवाळाए તા. ૩ અકટોબરના પત્રમાં સર્વેને લખી જણાવ્યું છે, જે કોટના ટાઊનહૉલમાં પુનર્વિવાહનું ભાષણ થયું હતું તે સમે ડોકટર ભાઊ દાજીએ સર્વેને પ્રસિદ્ધ રીતે કહ્યું જે શંકરાચાર્ય તથા વૈષ્ણવી સંપ્રદાયવાળા લોકો મતવાદી છે માટે તમે શુદ્ધ વેદ માર્ગનું આચરણ કરો. અને મતવાદીના માર્ગને છોડો એ રીતે સર્વેને ઊપદેશ કર્યો છે. પણ અમે તે લોકોને પુછીએ છીએ જે શુદ્ધ વેદ માર્ગ કીયો છે તે તમે અમને બતાવો ? શાસ્ત્રમાં શુદ્ધ વેદમાર્ગ એક ભકિતમાર્ગ છે, તેના બે અંગ છે. એક જ્ઞાન અને બીજું કર્મ, એ હિંદુ લોકોને ચાલવાનું કહ્યું છે તે ઉપરાંત ભાઊદાજીનો વેદમાર્ગ કેવો છે તે सत्यप्रकाशवाळाए બતાવવું પણ ચાબુકના સપ્ટેમ્બરના ન્યુસપેપર ઉપરથી તથા कविचरित्र નામે ગ્રંથ છે તે ઉપરથી

તમારો સિદ્ધાંત જણાઇ આવે છે તેમાં રાજા રામમોહનરાએ બંગાલી બ્રાહ્મણ હતો તે વિશે લખ્યું છે જે તે સંસ્કૃત ભણ્યો હતો તેણે હિંદુ-શાસ્ત્રને ખોટા માનીને હરિના પૂજનનો નિષેધ કર્યો હતો અને વિલાયતમાં અંગ્રેજ લોકોની સાથે ખાણું ખાધું હતું તેણે શુદ્ધ આચરણ કર્યું હતું એવું તે ચરિત્રમાં લખી જણાવ્યું છે. માટે એવોજ શુદ્ધ માર્ગનો ઉપદેશ સત્યપ્રકાશવાળાનો છે, અરે હિંદુઓ! તમે એના ઉપદેશનો મર્મ સમજો. શું શું સુધારો હિંદુ લોકોએ હિંદુઓને સુધારવાને સારૂ કહ્યો છે? અરે રે! કેવો વિપરીત કાળ આવાં પોહોંચ્યો છે, આવી બુદ્ધિ હિંદુ લોકોની થઇ છે માટે હે વૈષ્ણવો! તમે આ તમારા પુસ્તકો ઉપર ધ્યાન રાખશો તો તમને એમાંથી એક તો વાંચવાનો અભ્યાસ થશે. અને બીજું શુદ્ધ વેદ માર્ગને તમે સમજતા થશો એથી કરીને દુઃસંગી લોકોનો સંગ તમને નહી ભેદે. પણ એટલું જ નહી, તેને જવાબ દેવાની તમારામાં ખુબ શક્તિ આવશે. માટે તમે પુસ્તક વાંચવાનું આળસ કદી ન કરતા. આવી બુદ્ધિ તમારી જે થઇ છે તે પુસ્તક વાંચવાનો સંગ તમે મુકી દીધો તેથી થઇ છે. જુવો કે શુદ્ધ વેદમાર્ગ શ્રીભગવાને ગીતાજીના અધ્યાય ૯ શ્લોક ૨૨ માં કહ્યો છે તેજ શુધ્ધ માર્ગ છે.

अनन्याश्चिंतयंतोमां येजनाःपर्युपासते ।
तेषांनित्याभियुक्तानां योगक्षेमंवहाम्यहम् ॥

અર્થઃ-એક મને પામવાની ઇચ્છા રાખીને મારી ઉપાસના જે કરે છે તેનો આ લોકનો તથા પરલોકનો નિર્વાહ હું ચલાવું છું એ રીતે શ્રીહરિએ એક પોતાનીજ શરણે રહેવાનો ઉપદેશ કરેલો છે. એજ રીતે ગીતાજીના પહેલા અધ્યાયમાં તથા અંતના અધ્યાયમાં શ્રીભગવાને અર્જુનને ઉપદેશ કરેલો છે જેઃ-

सर्वधर्मान्परित्यज्य मामेकंशरणंव्रज ।
अहंत्वांसर्वपापेभ्यो मोक्षयिष्यामिमाशुच ॥

અર્થઃ-હે અર્જુન! તું સર્વ ધર્મનો પરિત્યાગ કરીને એક મારી જ શરણ આવ. હું તને સર્વ પાપથી છોડાવીને મોક્ષ આપીશ તું તે વાતનો શોક કરીશ નહી. એવું કહ્યું છે એ ઠેકાણે પણ અજ્ઞાની લોક

એવો અર્થ કરે છે જે અર્જુનને ધર્મનો ત્યાગ કરીને અધર્મનું આચરણ કરવાનો ઉપદેશ કર્યો છે પણ એવો અર્થ કરવાથી ગીતાજીમાં શ્રીભગવાને સર્વ ધર્મ કહ્યા છે તે કહેવાને વ્યર્થતા આવે છે, માટે એ શ્લોકમાં પણ શ્રીભગવાને તેમજ કહ્યું છે. જે સર્વ ધર્મના ફળનો ત્યાગ કરીને તું એક મારીજ શરણ એજ ફળની ઇચ્છા રાખ એ રીતે શ્રીભગવાને ઉપદેશ કર્યો છે તેજ રીતે આ પાંચમા મર્મમાં શ્રીહરિરાયજીએ કહ્યું છે. પણ શાસ્ત્રના સિદ્ધાંતને અજ્ઞાની સમજતા નથી અને ચાહે તેમ બકવાદ કરે છે તો સુખેથી કરો પણ અમે નિશ્ચે કરીને સર્વને એ વાત કહીએ છીએ જે પૂર્ણ બ્રહ્મને પામવાનો માર્ગ તો આપણો છે એવો બીજો નથી. અને આજપછી સર્વ વૈષ્ણવોએ એ વાત નક્કી કરીને જાણવી જે જેટલી વાર્તા શ્રીમહાપ્રભુજીના ગ્રંથોમાં તથા અષ્ટ કાવ્યના પદોમાં ગાઇ છે તે સર્વ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે છે. જરાપણ વેદશાસ્ત્રથી વિરૂધ્ધ નથી. એ રીતે પ્રસંગ ચોથામાં सत्यप्रकाशवाळाए तथा कवि चरित्र ग्रंथकर्ताए પાંચમા મર્મ ઉપર દુષણ આપ્યું હતું તેનો ઉત્તર આ પ્રસંગમાં કહ્યો છે. આ માસના ચોપાનિયામાં પુનર્વિવાહની તકરાર લખવાની હતી પણ એણે આ માર્ગ ઉપર દુષણ આપ્યું તેથી તેનો ઉત્તર લખ્યો છે. માટે આવતા માસના ચોપાનિયામાં પુનર્વિવાહ વિષે લખીશું.

ઈતિ શ્રીસ્વધર્મવર્ધક અને સંશય છેદક પુસ્તક બીજાનો પ્રસંગ ચોથો સંપૂર્ણ



॥ श्रीकृष्णाय नमः ॥

स्वधर्मवर्धक, अने संशय छेदक.

શાસ્ત્ર માનવા વિષે.

પુસ્તક ૩ જું.

प्रसंग पहेलो.

सत्यप्रकाशवाळाए પોતાના પત્રમાં લખી જણાવ્યું છે જે, બધા આચાર્યો પોતપોતાના મત પ્રમાણે શાસ્ત્રને માને છે. માટે શાસ્ત્ર ઇશ્વર કૃત જો હોય તો સર્વ શાસ્ત્રના વચનને સર્વ આચાર્યો કેમ માને નહી ? માટે શાસ્ત્ર ઇશ્વર કૃત નથી. એવો એણે અભિપ્રાય જણાવ્યો છે.

એજ રીતે કેટલાએક નાસ્તિક લોકો શાસ્ત્રને મનુષ્ય કૃત માનેછે. પણ શાસ્ત્ર મનુષ્યનું કરેલું નથી. ઇશ્વરનું કરેલું છે. એ વિષે વેદ, ગીતા, ને ભાગવત એ ત્રણેના વચન પહેલા પુસ્તકમાં લખેલાં છે. તેમાં શ્રીઠાકોરજીએ કહ્યું છે, જે શાસ્ત્ર મ્હારૂં કરેલું છે. ને એ વિષેનો વિશેષ ખુલાસો स्वधर्मबोधक નામે ગ્રંથ શ્રીયદુનાથજી મહારાજે કરીને છપાવ્યો છે. તે ગુરૂ શિષ્યના સંવાદથી કરેલો છે. ને હીંદુશાસ્ત્ર સૌનાં શાસ્ત્રથી પહેલું છે. તેની સાબેતી શુધ્ધાં તે ગ્રંથમાં જણાવ્યું છે.

અને આ ગ્રંથમાં પણ સારી પેઠે સંદેહ રહિત વૈષ્ણવોના સમજવામાં આવે એ રીતે જણાવીએ છીએ. કારણ જે શાસ્ત્રને અસત્ય માનવા થકી જીવ માત્રની ખરાબી થાય છે. અને હીંદુ ધર્મથી કેટલાએક વટલાઇ ગયા છે. ને હાલમાં પણ કેટલાએક વટલાવાને તૈયાર છે. ને કેટલાએક હીંદુ ધર્મમાં ચાલે છે. પણ વટલેલા સરખા છે. અને પરમેશ્વરને પણ મુદલ ભજતા નથી અને અહંકારના ભરેલા થઇ કોઇને ગણતા નથી. સૌની નીંદા કરે છે ને કોઇને ગણતા નથી. અને અપશબ્દ બોલવા, અસત્ય ભાષણ કરવું, ટંટો કરવો એવું કરતાં

જરાપણ વાર લગાડતા નથી. એવી બુધ્ધિ કેટલાએક લોકોની થઇ ગઇ છે. એ વાત સર્વેના જોવામાં આવે છે, ને સર્વેનાં અનુભવમાં છે.

એવા હરિથી વિમુખ લોકોનો સંગ કેટલાએક વૈષ્ણવોને પણ લાગવાથી તેની બુદ્ધિ પણ બગડી છે. કારણ જે એવા લોકોની સાથે તે લોકો લેવડદેવડનો વહેવાર તથા વરેપાર ચલાવે છે. માટે વૈષ્ણવોની ભકિત પણ શ્રીઠાકોરજીમાં ઓછી થઇ ગઇ છે.

અને જે આસ્તીક લોકો છે તે રાત દહાડો ધંધામાં આસકિત કરીને પોતાના માર્ગીય ગ્રંથ વાંચવાનો અભ્યાસ નિત્ય બે ઘડી પણ કરતા નથી. અને શ્રીઠાકોરજીની સેવા નિશ્ચીંત ચિત્તથી બે ઘડી પણ કરતા નથી. માટે તેઓની ભકિત શ્રીઠાકોરજીમાં વધતી નથી. અને તેઓ પણ શાસ્ત્રને તુચ્છ કરીને સમજે છે. જે શાસ્ત્ર વાંચવાથી શું થાય ? એ રીતે શાસ્ત્ર વાંચવાનો અભ્યાસ સૌ લોકોએ મુકી દીધાથી શ્રીહરિમાં ભકિત કમ થઇ ગઇ એવો સમય આવીને પ્રાપ્ત થયો છે. પણ કાળચક્ર સૌને માથે ફરે છે. માટે કોઇને આ દુનિયામાં સદા રહેવું નથી અને કરેલા કર્મ મરણ પામ્યા પછી સાથે આવે છે, માટે જીવ માત્ર ઉચ્ચ નિચ દેહમાં જન્મે છે. તાલેવંત ભીખારી થાય છે, શરીર રોગીષ્ટ થાય છે, અંગહીણ તથા આંધળા થાય છે. એ સર્વ આપણે આપણી નજરથી જોઇએ છીયે તોપણ આંધળા થઇને ચાલીયે છીયે, માટે હે વૈષ્ણવો ! તમે પહેલાં શાસ્ત્રને વાંચો અને તેના મર્મને સમજો અને શ્રીમહાપ્રભુજીના ગ્રંથો વાંચવાનો નિત્ય બે ઘડી રાત્રિનો નિયમ રાખો, અને શ્રીઠાકોરજીના ગુણોનું ગાયન કરો, બેઘડી નિશ્ચીંત ચિત્તે શ્રીઠાકોરજીની સેવા કરો, એ થકી આ દેહ છુટયા પછી તમને ભગવાનની પ્રાપ્તિ થશે અને નિત્ય એ રીતે નિયમ સહિત કરવાથી તમારૂં ચિત્ત નિર્મળ થશે. અને શ્રીઠાકોરજીની ભક્તિ કરવા ઉપર પ્રીતિ થશે એ રીતે શ્રીમહાપ્રભુએ કહ્યું છે. જો એ રીતે શ્રીમહાપ્રભુજીના બતાવ્યાથી અવળે રસ્તે ચાલશો તો તમારા કર્મ તમને નર્કમાં લઇ જશે અને જન્મોજન્મ બહુ દુઃખ પામશો. તમે મનમાં એમ સમજો છો જે અમે બ્રહ્મસંબંધ કરીને વૈષ્ણવ થયા, પણ બ્રહ્મસંબંધ ફક્ત તમે વાચાથી કરેલું છે, કાયા તથા મનથી બ્રહ્મસંબંધ વિષે ઘણું આચરણ

કરતા નથી. તમે શ્રીઠાકોરજી આગળ બ્રહ્મસંબંધ કરતી વખત એમ સંકલ્પ કર્યો છે જે દેહ તથા અગીયાર ઇંદ્રિયો તથા ધન, ઘર, તથા કુટુંબ હું તમને એટલે શ્રીકૃષ્ણને સર્વે ભેટ કરૂં છું અને હું તમારો દાસ છું એ રીતે તમે શ્રીઠાકોરજી આગળ કહ્યું છે. અને હવે તમારી દેહ તથા ઇંદ્રીયો, ધન તમે પોતાના કુટુંબનું તથા પોતાના દેહ સુખ સારૂ ધંધામાં વાપરો છો ને શ્રીઠાકોરજીને કશામાં ગણતાજ નથી ને મનમાં લાવતાજ નથી તેથી કરીને તમને કાળ, કર્મ અને માયા એ ત્રણે તમને ઘણું દુઃખ દેછે ને દેશે એ વાત તમે નિશ્ચે ખચીત કરી જાણજો કારણ જે એ ત્રણેથી છોડાવનાર જે પરમેશ્વર તેને તો તમે મુકી દીધા ત્યારે તમારી સહાય કોણ કરશે ? અને ઇશ્વરના કારભારી કાળ તે તમને વારંવાર ખાશે, માયા તમને ખોટે રસ્તે લઇ જશે, વારંવાર જન્મ મરણ કરાવશે, અને કર્મ તમને સુખ દુઃખ આપશે, માટે તમે શાસ્ત્રોકત માર્ગ શ્રીમહાપ્રભુજીના બતાવ્યા પ્રમાણે શ્રીઠાકોરજીને ભજો ને એમ ભજવાથી જુવો કે તમને શ્રીઠાકોરજીનો અનુભવ આ દેહથી થાય છે કે નથી થતો ! અને આ દેહથી ભગવાનની પ્રાપ્તિ નિશ્ચય ભકિત કરવાથી થાયછે, એવું સર્વે વેદપુરાણોમાં કહ્યું છે, માટે તમે અજ્ઞાનપણું મુકીને શ્રીહરિની ભકિત કરો. જે જીવો ભકિત નથી કરતા તેમને શ્રીઠાકોરજીએ શ્રીમદ્ભાગવત એકાદશ સ્કંધમાં આત્મહત્યારા કહ્યા છેઃ—

उपजाति छंद.

नृदेहमाद्यंसुलभंसुदुर्लभं प्लवंसुकल्पंगुरुकर्णधारम् ।
मयानुकूलेननभस्वतेरितं पुमान्भवाब्धिंनतरेत्सआत्महा ॥

અર્થઃ—મનુષ્ય દેહ છે તે મળવી ઘણી કઠણ છે તે મેં સહેલી રીતે આ જીવોને આપ્યો છે. એ મનુષ્ય દેહ સંસારરૂપી સમુદ્ર તરવાનું એક વહાણ છે. એ વહાણ ચલાવીને કાંઠે મુકનાર એવા ગુરૂ મેં જગત્‌માં પ્રકટ કર્યા છે. અને એ જીવ મ્હારે શરણે આવ્યાથી હું તેને પવનરૂપે સહાયબળ થાઉં છું. એવો જોગ મનુષ્ય દેહમાં બન્યા છતાં જે જીવ તરવાની ઇચ્છા રાખતા નથી તેવા જીવોને આત્મ હત્યારા જાણવા.

પોતાને હાથે કરીને પોતાના આત્માની હત્યા કરે છે. એ રીતે શ્રીભગવાને કહ્યું છે, માટે હે વૈષ્ણવો ! મનુષ્ય દેહમાં પરમેશ્વર પામવાનો લાગ આવ્યો છે તેને જવા દેવો નહી. સર્વ વેદપુરાણનો સાર પૂર્ણપુરૂષોત્તમ જે શ્રીકૃષ્ણ તેની ભકિત છે. ભકિત વગરના બીજા સાધન જે જ્ઞાન, તપ, યોગ, કર્મ, ત્યાગ એ સાધન સર્વે ભકિત કરતાં ઉતરતા છે. જેમ અંગને અંગી એમાં જેટલો ભેદ છે તેટલો ભાક્ત અને બીજા સાધનમાં ભેદ છે, અંગી તે જીવ અને અંગ તે દેહ તથા હસ્ત આદિ લઇને અગ્યાર ઇંદ્રિયો. જેમ ઇંદ્રિયો વગર દેહજડ છે, કંઇ કામ કરવાને વાસ્તે સમર્થ નથી તેમ જ્ઞાન વૈરાગ્યાદિક સાધન ભગવાનની ભકિત વગર ભગવાનની પ્રાપ્તિ કરાવી શકતા નથી. કારણ જે એકલું જ્ઞાન ભગવાનનું અંશરૂપ જગત્ તેનુંજ માત્ર જ્ઞાન કરાવે છે પણ એ જગત્થી જુદું રૂપ જે શ્રીકૃષ્ણ પૂર્ણપુરૂષોત્તમનું છે, તે સ્વરૂપનું જ્ઞાન થતું નથી. માટે જ્ઞાનમાર્ગની રીતથી શ્રીપૂર્ણપુરૂષોત્તમની પ્રાપ્તિ થતી નથી તેમજ સંસારનો ત્યાગ કરવાથી પણ શ્રીપૂર્ણપુરૂષોત્તમની પ્રાપ્તિ થતી નથી કારણ જે સંસારની વસ્તુનો ત્યાગ કર્યો પણ શ્રીપૂર્ણપુરૂષોત્તમનું જ્ઞાન થવ ને પ્રયત્ન કર્યો, તો સંસારની વસ્તુ ત્યાગ કરવાથી ફળ શું ? તેમજ તપશ્યા કરીને દેહને તથા જીવને દુઃખ દીધું ને ભગવાનની ભકિત ન કરી ને ભગવાનનું સેવન ન કર્યું, તોએ તપથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી. તેમજ કર્મમાર્ગની રીતથી ભગવાનને પ્રાપ્ત થવા સારૂ ભજન ન કર્યું, તો કર્મમાર્ગની રીતથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી. એ રીતે સર્વ વેદપુરાણ કહે છે, એ ઠેકાણે એવી કોઇ આશંકા કરશે જે જ્ઞાન, તપ, યોગ, ત્યાગ કર્મ, એ સાધનની બડાઇ શાસ્ત્રમાં શ્રીભગવાને કરી છે, તે શું ખોટી છે ? એ રીતે અન્યમાર્ગી લોકો આશંકા કરશે તો તેનો ઉત્તર જે શાસ્ત્રમાં જેજે ઠેકાણે તપ, જ્ઞાન, આદિ લઇને ઉપલા સાધનોની બડાઇ કરી છે. ત્યાં તે સાધનની સાથે ભકિત લઇને કરી છે. ભકિત વગર બીજા સાધનને શ્રેષ્ટપણું કહ્યું નથી. શાસ્ત્રમાં જે લોકો અજાણ છે તે લોકોને મન, તપ, જ્ઞાન, કર્મ એ શ્રેષ્ટ છે માટે ભકિતમાર્ગમાં ચાલનારા જીવોની તે લોક નીંદા કરે છે. પણ શાસ્ત્રમાં તો એક ભગવાનની ભકિત ને મુખ્યતા કહી છે ને કલિયુગ-

માં પણ એક ભગવાનની ભકિતથી ભગવાનની પ્રાપ્તિ કહી છે,
ને બીજા સાધન જ્ઞાન, યોગ, તપ, ત્યાગ એ સર્વે ગૃહસ્થ લોકથી કદી
બનવાના નથી કારણ જે ગૃહસ્થ લોકો પોતાના કુટુંબનો તથા ધનનો
ત્યાગ કરે ત્યારે એ જ્ઞાનાદિક સાધન કરી શકે. જુવો કે રાજા ભરતજી
રાજ્યનો ત્યાગ કરીને વનમાં જઇને તપ કરવા માંડયું, ત્યાંપણ હરણી·
ના સંગે કરીને હરણીનો જન્મ પામ્યા. એ રીતે ત્યાગમાં પણ વિઘ્ન
થયું ને ભગવાનને પામ્યા નહી. ત્રીજે જન્મે બ્રાહ્મણને ઘેર જન્મ્યા
ત્યાં મૌનવ્રત લીધું અને સંસારનો ત્યાગ કરી ખાન પાનનું દુઃખ
વેઠયું ત્યારે જ્ઞાનમાર્ગ સધાયો ને તેનું ફળ જે મુકિત તે મળી. તેજરીતે
ઋષભદેવજી રાજા હતા તે રાજ્યનો ત્યાગ કરીને વનમાં જઇને જ્ઞાન
સાધ્યું અને ખાનપાનનું દુઃખ વેઠયું ને વનમાં અગ્નિ લાગી હતી
તેમાં ચાલ્યા ગયા ત્યારે તેને જ્ઞાનમાર્ગનું જે ફળ મુકિત તે તેને મળી.
એ રીતનું દુઃખ ગૃહસ્થાશ્રમી લોકોથી કદીએ વેઠાય નહી, તેમજ
ધ્રુવજીએ તપશ્યા કરી પણ તેને ભગવાન મળ્યા છતાં ભકિતનું ફળ
તેને મળ્યું નહી. ધ્રુવનું સ્થાન મળ્યું. તેજ રીતે બ્રહ્મ જીએ તપ કર્યું
તેથી પણ ભકિતનું ફળ બ્રહ્માજીને મળ્યું નહી એજ રીતે પ્રાચીન
બર્હીશ રાજાએ આખી પૃથ્વિમાં યજ્ઞ વગરની જગા ખાલી મુકી
નહી. એ રીતે કર્મમાર્ગનું આચરણ કર્યું તોપણ ભગવાનમાં ભકિત
ઉત્પન્ન થઇ નહી, એ રીતનું ધન કયો ગૃહસ્થ ખર્ચ કરી શકશે? ના,
એજ રીતે યોગાભ્યાસી પણ સંસારનો ત્યાગ કરીને વનમાં જઇને
સમાધિ ચ્હડાવવાનું સાધન કરે અને સમાધિ સિદ્ધ થાય ત્યારે તેને
મહરલોક તથા જનલોક એ બે સ્થાન સ્વર્ગની ઉપર છે તેની પ્રાપ્તિ
થાય છે પણ ભગવાનની પ્રાપ્તિ યોગાભ્યાસીને પણ થતી નથી.

એ રીતનું યોગાભ્યાસ ગૃહસ્થાશ્રમી લોકોથી કદી થનાર નથી.
તેમાં વળી આ કલિયુગના જીવ, ધનના લોભી, સ્ત્રી પુત્રાદિકની માયા
વાળા અને કેવળ દેહ સુખને ચ્હાનારા એવા જીવોથી ઉપરોક્ત સાધન
કદી બની શકે નહી. તે સારૂં શ્રીભગવાને ગૃહસ્થાશ્રમી જીવો ઉપર

કૃપા કરીને પોતાની ભકિત કરવી કહી છે ભકિત કેવી છે, કે સંસાર-નું કાર્ય કરતાં તથા ધંધો રોજગાર કરતાં સર્વ જીવોથી બની શકે છે, અને તે ભકિત કરવામાં દેહને તથા જીવને જરાપણ કષ્ટ થતું નથી. સદા દેહને જીવને આનંદ રહે છે. અને સહેલી રીતે ભકિત કરનારની પ્રાપ્તિ થાય છે. અને જ્ઞાનાદિક કરતાં અધિક ફળ ભકિત કરનારને મળે છે. તે શ્રીભગવાને એકાદશ સ્કંધ ભાગવતના ચૌદમા અધ્યાયમાં કહ્યું છેઃ—

मन्मयामोहितधियः पुरुषाःपुरुषर्षभ ।
श्रेयोवदंत्यनेकांतं यथाकर्मयथारुचि ॥ १ ॥
धर्ममेकेयशश्चान्ये कामंसत्यंदमंशमम् ।
अन्येवदंतिस्वार्थंवा ऐश्वर्यंत्यागभोजनम् ॥ २ ॥
केचिद्यज्ञतपोदानं व्रतानिनियमान्यमान् ।
आद्यंतवंतएवेषां लोकाः कर्मविनिर्मिताः ॥ ३ ॥
दुःखोदर्कास्तमोनिष्ठाः क्षुद्रानंदाः शुचार्पिताः ।
मय्यर्पितात्मनसभ्य निरपेक्षस्यसर्वतः ॥ ४ ॥
मयात्मनासुखंयत्तत् कुतः स्याद्विषयात्मनाम् ।

उपजाति छंद.

नपारमेष्ट्यंनमहेंद्रधिष्ण्यं नसार्वभौमंनरसाधिपत्यम् ।
योगसिद्धिरपुनर्भवंवा मर्यार्पितात्मेच्छतिमद्विनान्यत् ॥५॥

અર્થઃ—શ્રીભગવાન્ ઉદ્ધવજીને કહે છે, જે હે ઉદ્ધવજી ! મારી માયા જે સ્ત્રી, પુત્ર, ધનાદિકનું સુખ તેણે કરીને આ જીવોની બુદ્ધિ મોહીત થઇ ગઇ છે, તેથી મને મુકીને કેટલાએક લોકો ધર્મ કરવાને તથા કેટલા લોકો યશ કરવાને તથા સત્યને તથા ઇંદ્રિયોનું ગમન કરવાને તથા સર્વને વિષે સમતા રાખવાને શ્રેષ્ટ કરીને માને છે અને કેટલાએક લોકો અષ્ટસિદ્ધિઓને શ્રેષ્ટ કરીને માને છે તથા કેટલાએક એકવાર જમવા ને શ્રેષ્ટ કરીને માને છે. કેટલાએક યજ્ઞને શ્રેષ્ટ કરીને માને છે. તથા

કેટલાએક તપશ્યાને તથા દાનને શ્રેષ્ટ કરીને માને છે. તથા કેટલાએક વ્રતને તથા નિયમને શ્રેષ્ટ કરીને માને છે. પણ હે ઉદ્ધવજી! એવા સાધનમાં જીવોને આદિમાં પણ દુઃખછે અને અંતેપણ દુઃખછે. કારણ જે એ સાધનનું ફળ સદા અચળ રહેતું નથી માટે એ સાધનનું ફળ ભોગ કર્યા પછી આ જીવને જન્મમરણ થાયછે. પણ મને જેણે આત્મનિવેદન એટલે બ્રહ્મસંબંધ કર્યુંછે. એવા જે મારા ભકત તેતો એ સાધનના ફળની ઇચ્છા રાખતા નથી જે સુખ મારી પ્રાપ્તિમાંછે, તે સુખ શું એ સાધનના ફળમાં મળેછે? ના મારા ભકત જે છે, તે બ્રહ્મના લોકનું રાજ ઇચ્છતા નથી, તથા ઇંદ્રના સ્વર્ગનું રાજ્ય ઇચ્છતા નથી. તથા સર્વ પૃથ્વિનું રાજ્ય તથા રસાતલનું રાજ્ય તથા યોગની સિદ્ધિઓ તથા મુકિતફળ એ સર્વે ફળને મને જેણે આત્મનિવેદન કર્યું છે તે ભકત મારી પ્રાપ્તિ વગર કશાએ ફળની ઇચ્છા રાખતા નથી. એ રીતે ઉદ્ધવજીને શ્રીભગવાને કહ્યું છે. અને વેદના ઉપનિષદ્નો સાર જે ગીતાજી તેના છઠ્ઠા અધ્યાયમાં શ્રીભગવાને કહ્યું છેઃ—

तपस्विभ्योऽधिकोयोगी ज्ञानिभ्योऽपिमतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिकोयोगी तस्माद्योगीभवार्जुन ॥ १ ॥
योगिनामपिसर्वेषां मद्गतेनांतरात्मना ।
श्रद्धावान्भजंतेयोमां समेयुक्ततमोमतः ॥ २ ॥

અર્થઃ—હે અર્જુન! તપસ્વીથી યોગી શ્રેષ્ઠ છે, અને કર્મમાર્ગીયથી પણ યોગી શ્રેષ્ટ છે. માટે હે અર્જુન! તું એવો યોગી થા, સર્વે યોગીમાં તે યોગી શ્રેષ્ટ છે. જેનું અંતઃકરણ મારે વિષે છે. અને શ્રદ્ધાએ કરીને મારૂં જે સેવન કરે છે તે યોગીને સર્વ યોગીમાં ઉત્તમોત્તમ માનવો. એ રીતે આ શ્લોકમાં શ્રીભગવાને ભકિત કરનારને સૌથી ઉત્તમ કહ્યો છે. આ શ્લોકમાં યોગી શબ્દે કરીને વૈરાગી નહી જાણવો. યોગી એટલે યોગવાળો, જેમ કર્મમાર્ગીય કર્મનું આચરણ કરે તેને કર્મયોગી કહે છે. જ્ઞાનનું આચરણ કરે તેને જ્ઞાન યોગી કહે છે. તેમ ભકિતનું આચરણ કરે તેને ભકિત યોગી કહે છે. માટે અર્જુનને શ્રીભગવાને કહ્યું જે તું ભકત યોગી થા. ભકિત યોગીછે તે કર્મમાર્ગીય કરતાં, તપસ્વી કરતાં,

જ્ઞાની કરતાં, યોગાભ્યાસી કરતાં ઉત્તમ છે માટે ભકિતમાર્ગીયને શ્રીભગવાને ઉત્તમ કહ્યો છે. એજ રીતે વેદ, ગીતા, શ્રીમદ્‌ભાગવત અને સર્વ પુરાણોમાં ભકિત કરનારને સર્વે કરતાં શ્રેષ્ઠ કહ્યો છે. પણ જ્ઞાના લોકો ભકિતમાર્ગને નિંદે છે. કોઇ અજ્ઞાનીએ અમદાવાદમાં જેઠ માસના ન્યુસપેપરમાં એવું છપાવ્યું હતું જે ગુરૂ ત્રણ પ્રકારના છે. કાષ્ટરૂપ તથા પાંદડારૂપ તથા પાષાણરૂપ તેમાં કાષ્ટરૂપ ગુરૂ જે છે તે પોતે તરે છે, ને બીજાને તારે છે. અને પાંદડારૂપ ગુરૂ જે છે તે પોતે તરે છે પણ બીજાને તારતા નથી. અને પાષાણરૂપ ગુરૂ જે છે તે પોતે ડુબે છે અને બીજાને ડુબાવે છે. એવા પાષાણરૂપ ગુરૂ વલ્લભીય માર્ગના છે એ રીતનું તે અજ્ઞાનીએ છપાવ્યું હતું. એનો સર્વે લોકોએ વિચાર કરીને જો કે સર્વ કરતાં શ્રેષ્ટપણું શ્રીભગવાને ભકિતમાર્ગને કહ્યું છે, અને ભગવાનની પ્રાપ્તિ પણ ભકિતમાર્ગથી શ્રીભગવાને કહી છે. બીજા માર્ગોથી કહી નથી. અને ભકિતમાર્ગનું ખરેખરૂં આચરણ કરનાર એક શ્રીવલ્લભ કુળના બાળકજ છે. એવું બીજા કોઇ માર્ગના ગુરૂ આચરણ કરતા નથી. જેણે એક શ્રીભગવાનની સેવાનેજ શ્રેષ્ટ કરીને માની છે. અને પોતાના સંપ્રદાયના સેવકોને પણ એજ ભકિતનો ઉપદેશ કરે છે. પણ ભકિતમાર્ગથી જે ભ્રષ્ટ થયેલા લોક છે અને શાસ્ત્રના સિદ્ધાંતમાં જે લોક સમજતા નથી તે લોકો તપ, જ્ઞાન, ત્યાગ યોગાભ્યાસ એને શ્રેષ્ટ કરીને માને છે. અને ભકિતમાર્ગવાળા ઉપર અદેખાઇ રાખીને ચાહે તેમ બકે છે. તેથી ભગવાનને પ્રાપ્ત થનાર એવા જે જીવ છે તેનું શું બગડે છે? અને જુવો કે તપ, ત્યાગ, યોગાભ્યાસ અને જ્ઞાનમાર્ગ એ સર્વેનું સ્મરણ ગૃહસ્થ લોકોથી કદી બનવાનું કથી કારણ જે કુટુંબનો ત્યાગ કરે ત્યારે એ માર્ગનું આચરણ બને અને એ જ્ઞાનાદિક માર્ગનું આચરણ કરવાથી પણ અંતે ભગવાનની પ્રાપ્તિ તો થતીજ નથી. એવા તુચ્છ માર્ગોને અજ્ઞાની લોક શ્રેષ્ટ કરીને માને છે. માટે એવા માર્ગના ગુરૂ તથા તે માર્ગમાં ચાલનારા શિષ્યો બંને જણને શાસ્ત્રના કહ્યા પ્રમાણે પથ્થરરૂપ જાણવા. એ રીતે વેદપુરાણોથી સિદ્ધ થાય છે.

માટે એ બન્ને બુડેલાછે. કારણ જે શાસ્ત્રના કહ્યાપ્રમાણે એને ભગવાનની પ્રાપ્તિ તો કદી છેજ નહી. માટે એ લોકો સદા બુડેલાજ છે. કેમ જે એને જન્મ મરણ મટનાર નથી એ રીતે ગીતાજીમાં શ્રીભગવાને અધ્યાય ૮ અને શ્લોક ૧૬ માં કહ્યું છેઃ-

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुनः।

मामुपेत्यतुंकौन्तेय पुनर्जन्मनविद्यते॥

અર્થઃ-હે અર્જુન ! આ બ્રહ્માંડમાં ચૌદલોક છે. તેમાં સાત લોક પૃથ્વિની નીચેના અને સાત લોક સ્વર્ગની ઉપરના છે. તેમાં સૌથી ઉચું લોક બ્રહ્માજીનું સ્થાન છે. તે બ્રહ્માજીના સ્થાન સુધી ગએલા જીવો ત્યાંનું પુન્ય ફળ ભોગવીને પૃથ્વિમાં પાછા જન્મ મરણ પામે છે અને મને પામેલા જે જીવ છે તે ફરી પૃથ્વિમાં જન્મ પામતા નથી. એ રીતે શ્રીભગવાને કહ્યું છે. અને શ્રીમદ્ભાગવતમાં એકાદશ સ્કંધના ત્રીગુણ વિભાગ અધ્યાયમાં શ્રીભગવાને કહ્યું છે જેઃ-

योगस्यतपसश्चैव न्यामस्यगतयोमलाः।

महर्जनतपः सत्यं भक्तियोगस्यमद्गतिः॥

અર્થઃ-યોગાભ્યાસીને સ્વર્ગ ઉપર જે મહરલોક તથા જનલોક છે તેની પ્રાપ્તિ થાય છે અને તપસ્વીને તપલોકની પ્રાપ્તિ થાય છે. અને ત્યાગીને બ્રહ્માના લોકની પ્રાપ્તિ થાય છે. અને ભકિત કરનારને મારી પ્રાપ્તિ થાય છે. એ રીતે યોગાભ્યાસી તથા તપસ્વી તથા ત્યાગી એને સ્વર્ગ ઉપરના લોકની પ્રાપ્તિ કહી છે અને સ્વર્ગ ઉપરના લોકોની પ્રાપ્તિવાળા જીવોને ફરી પૃથ્વિમાં જન્મ મરણ ગીતાજીમાં શ્રીભગવાને કહ્યું છે અને ભકિત કરનારનો ફરી જન્મ થતો નથી એ રીતે કહ્યું છે. હવે સર્વ લોકોએ વિચાર કરીને જોયું કે પથ્થરરૂપ ગુરૂ ભકિતમાર્ગથી અન્યમાર્ગના ગુરૂઓ છે તથા તેના શિષ્યો છે. એ રીતે શાસ્ત્રથી સિદ્ધ થાય છે અને એજ માર્ગના શિષ્યો હૈયાના ફૂટા અને આંખથી આંધળા જે શાસ્ત્ર વિષે છે તેવા લોકોનો સંગ વૈષ્ણવોને થવાથી તે

વૈષ્ણવોને ભક્તિમાર્ગથી ભ્રષ્ટ કર્યા. તેથી કેટલાએક ભ્રષ્ટ વૈષ્ણવોએ પોતાના ગુરૂની નિંદા છપાવવાને સારૂ વર્તમાનપત્ર કહડાવ્યું અને પોતે ભ્રષ્ટ થયા. તેતો કદી ઠેકાણે આવનાર નથી કારણ જે તે વૈષ્ણવો પોતાના માર્ગના ગ્રંથ વાંચતા નથી અને શાસ્ત્રમાં સમજતા નથી. તેવા ભ્રષ્ટ થએલા વૈષ્ણવોનો બધો ભરોંસો સુધારાવાળા જે ભ્રષ્ટ હિંદુઓ છે. તેઓના બોલવા ઉપર છે અને અન્યમાર્ગી શાસ્ત્રીઓ ઉપર છે. પણ જુવો કે શાસ્ત્રમાં જીવોનો ઉદ્ધાર ભકિતમાર્ગથીજ કહેલો છે. ગૃહસ્થાશ્રમી લોકોથી ભકિતમાર્ગનું આચરણ સહેલથી બની શકે છે અને શ્રીમહાપ્રભુજીનો માર્ગ ગૃહસ્થ લોકોનો ઉદ્ધાર કરવાને માટે છે અને એ માર્ગના ગુરૂ ગૃહસ્થાશ્રમી છે. તેઓને વિષે તપ, ત્યાગાદિકના માર્ગની વાત અન્યમાર્ગના લોક મેળવવા જાય છે પણ ભકિતમાર્ગમાં અન્યમાર્ગની રીત મળી શકનાર નથી. કેમ જે તે માર્ગો જુદે સ્થાને જવાના છે. શ્રીભગવાન પાસે જવાના તે માર્ગ નથી. એ ઠેકાણે કોઇ એવી આશંકા કરશે જે તપ ત્યાગાદિક માર્ગથી જો ભગવાનની પ્રાપ્તિ થતી નથી તો એ માર્ગો ભગવાને શા સારૂ કહ્યા છે? એ રીતે જો કોઇ મનમાં સંદેહ કરે તો તેનો ઉત્તર જે ભગવાને શાસ્ત્ર જે પ્રકટ કર્યું છે તે કેવું છે જે સર્વે આ સૃષ્ટિના જીવોની મનકામનાને પૂર્ણ કરે એવું રચ્યું છે. આ બ્રહ્માંડમાં ચૌદલોક તથા નવખંડ પૃથિવ રચ્યા છે તે સર્વેમાં ભગવાનને વસતી રાખવાની ઇચ્છા છે. અને બ્રહ્માજીનું આયુષ્ય પુરૂ થાય ત્યાંસુધી આ બ્રહ્માંડની સૃષ્ટિને રાખવી છે, માટે શાસ્ત્રમાં જીવોને અનેક પ્રકારના ફળ પ્રાપ્ત થવા સારૂ શ્રીભગવાને અનેક સાધન કહેલા છે. કોઇને સ્વર્ગમાં જવાની ઇચ્છા હોય, કોઇને ધન મેળવવા-ની ઇચ્છા હોય, કોઇને સ્ત્રી તથા પુત્ર મેળવવાની ઇચ્છા હોય, તથા કોઇને કૈલાસમાં જવાની ઇચ્છા હોય તથા કોઇને રાજ્ય પ્રાપ્તિ થવાની ઇચ્છા હોય, કોઇને વિષ્ણુના વૈકુંઠમાં જવાની ઇચ્છા હોય, કોઇને શત્રુ જીતવાની ઇછા હોય. એ રીતે આ સૃષ્ટિના જીવોની ઇછા અનેક પ્રકારની હોય તે સર્વે પૂર્ણ કરવા સારૂ અનેક પ્રકારના સાધન શાસ્ત્રમાં ભગવાને કહેલા છે. એ રીતે ગીતાજીના ત્રીજા અધ્યાયમાં શ્રીભગવાને દશમા શ્લોકથી બારમા શ્લોક સુધી કહ્યું છેઃ—

सहयज्ञाःप्रजाःश्रष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्व मेषवोऽस्त्विष्टकामधुक् ॥ १ ॥
देवान् भावयताऽनेन ते देवा भावयंतु वः ।
परस्परं भावयंतः श्रेयः परमवाप्स्यथ ॥ २ ॥
इष्टान्भोगान्हि वो देवा दास्यंते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायभ्यो यो भुंक्ते स्तेन एव सः ॥ ३ ॥

અર્થઃ—હે અર્જુન ! બ્રહ્માજીએ આ સૃષ્ટિ રચી ત્યારે તેની સાથે જગત્ પણ રચ્યું અને આ સૃષ્ટિને કહ્યું જે તમે જગત્ કરીને વિસ્તારને પામો. આ જગને કરીને તમારી મન કામના પૂર્ણ થશે. અને આ દેવતાઓની ભાવના તમે કરશો ત્યારે તે દેવતાઓ પણ તમારી ભાવના કરશે. એ રીતે પરસ્પર ભાવના કરવાથી તમે ઘણું સુખ પામશો. અને દેવતા જગત્ થકી દેવતાઓ તમારી મન કામના પૂર્ણ કરશે. એ રીતે શ્રીભગવાને કહ્યું છે. માટે કર્મમાર્ગ જે જગત્ માર્ગ તેમાંથી આ સૃષ્ટિની કામના પૂર્ણ થવા લાગી. તેથી જે દેવતા થકી જે જીવની કામના પૂર્ણ થઇ, તેજ દેવતાને તે જીવ પરમેશ્વર કરીને માનવા લાગ્યા. પણ દેવતાઓનું મૂળ જે પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ તેને મુકી દીધા. એ રીતે કર્મમાર્ગમાંથી અન્ય દેવતાઓનુ પૂજન લોકોએ ચલાવ્યું છે. પણ ભગવાને તો કર્મમાર્ગ લૌકિક ફળ આપવા સારૂ ફકત વેદમાં કહ્યું છે. પણ અજ્ઞાની લોકોએ વેદથી ઉલટો માર્ગ પકડયો છે. અને વેદમાં જ્ઞાનમાર્ગ ભગવાને કહ્યો છે. તે એટલા સારૂ જે જગત્‌ના જુ તથા જીવ એ બંને વસ્તુ ભગવાનના અંશથી પ્રકટ થયા છે માટે જેનું અંશરૂપ આ જગત્ છે ને પૂર્ણપુરુષોત્તમને ઓળખવા સારૂ આ જગત્‌ને બ્રહ્મરૂપ વેદમાં કહ્યું છે. તે ઠેકાણે અજ્ઞાની લોકો આ જગત્‌નેજ પરમેશ્વર કરીને માને છે. માટે પોતાનેજ પરમેશ્વર કરીને ગણે છે. અને અનંત કોટિ બ્રહ્માંડના રાજા બોલતા, ચાલતા, દેખતા એવા જે સાકાર સ્વરૂપ ભગવાન તેને નિરાકાર કરીને માને છે. નિરાકાર એટલે કાંઇ સ્વરૂપ નથી. આકાશની પેઠે શુન્ય સ્વરૂપ કરીને માને છે. એ રીતે

મીથ્યા જ્ઞાની લોકોએ વેદથી ઉલટો માર્ગ પકડયો છે. એ રીતે ભગવાને શાસ્ત્ર પોતાને પામવા સારૂ તથા લૌકિક કામના જીવોની પૂર્ણ કરવા સારૂ શાસ્ત્ર નિર્ગુણ સગુણ કહેલું છે. સગુણ થકી બીજા સ્થાને જવાય. અને નિર્ગુણ સાધન જે ભકિત તે થકી ભગવાન પાસે જવાય. માટે અર્જુનને ગીતાજીમાં અ. ૨ શ્લો. ૪૫ માં શ્રીભગવાને સગુણ સાધનથી વારીને નિર્ગુણ સાધન કરવાનો ઉપદેશ કહ્યો છેઃ-

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।

અર્થઃ-હે અર્જુન ! વેદના ત્રિગુણ વિષયના ફળની ઇચ્છા તું રાખીશ નહી તું તો નિર્ગુણ થા. એક મને પામવાની ઇચ્છા રાખીને મને પામવાનું સાધન કર એ રીતે કહ્યું છે. પણ અજ્ઞાની લોકો એમ માને છે જે લોકોએ પોતપોતાના મત પ્રમાણે શાસ્ત્ર માન્યું છે. માટે શાસ્ત્ર ખોટું છે. ઇશ્વરનું કહેલું નથી કેટલાએક એમ માને છે જે શાસ્ત્રમાં ઋષિમત જુદા જુદા છે માટે ઋષિએનું કરેલું શાસ્ત્ર છે એમ માને છે પણ એ શાસ્ત્રમાં ઋષિમત નથી અને ઋષિઓનું કહેલું શાસ્ત્ર પણ નથી. એ શાસ્ત્ર ભગવાને બ્રહ્માજીને કહ્યું છે અને બ્રહ્માજીએ ઋષિઓને તથા દેવતાઓને કહ્યુંછે. એ રીતે વેદ,ગીતા, શ્રીમદ્ભાગવત તથા સર્વે પુરાણોમાં કહ્યું છે પણ શાસ્ત્ર વિશે અજાણ્યા લોકો ચાહે તેમ બકવાદ કરે છે. પણ શાસ્ત્ર વિષેમાં જેઓને પુરૂં જ્ઞાન છે તેતો શાસ્ત્રને ઇશ્વરનું કરેલું માને છે. અને સર્વ શાસ્ત્રના સાર રૂપ જે ભકિતમાર્ગ તેનું આચરણ કરે છે. બધા વેદ પુરાણનું હારદ એ છે જે ભગવાનની ભકિત કરવી એ રીતે આ પહેલા પ્રસંગમાં સંક્ષેપથી સર્વ શાસ્ત્રનો સાર કહ્યો છે તે સંપૂર્ણ.

પુનર્વિવાહ એટલે નાતરૂં કરવા વિષેની બાબત.

સંવત ૧૯૧૬ ના ભાદરવા માસમાં મુંબઇ મધે વિધવાઓને નાતરૂં કરાવવા વિષે, સુધારાવાળાઓના તરફથી સહી કરીને નર્બદાશંકર લાલશંકર નાગર બ્રહ્મણે શ્રીજદુનાથજી મહારાજને પ્રસિદ્ધપત્ર છપાવીને સભા કરીને વાદ કરવા વિષે મોકલ્યો હતો. તે ઉપરથી શ્રીમહારાજે

ભાદરવા સુદ ૫ ને દિવસે મુંબઇના સર્વે શાસ્ત્રીઓને બોલાવીને સભા કરી હતી. તેમાં મહારાજ અને નર્બદાશંકર વચ્ચે જે તકરાર થઇ તેનો હેવાલ આ પ્રમાણે જે નર્બદાશંકરે પ્રશ્ન કર્યો જે સાસરે નહી ગએલી જે બાલ રાંડ તેનો પુનર્વિવાહ દેશ,કાળ, સ્થિતિ જોતાં અવીદ્ધ યોનીનો પુનર્વિવાહ વિચારીને શાસ્ત્ર પ્રમાણે કરવો કે નહીં ? એ રીને પ્રશ્ન કર્યો હતો પણ શ્રીમહારાજે વિચાર કર્યો જે એ સુધારાવાળા લોકો પ્રશ્નનો આધાર શાસ્ત્ર ઉપર રાખવાનું કહે છે. પણ શાસ્ત્રને માને છે કે નહી તે વાતનો પહેલે નિશ્ચે કરવો જોઇએ એવું વિચારીને મહારાજે નર્બદાશંકરને પુછયું જે તમે શાસ્ત્રને ઇશ્વરકૃત માનો છો કે નહી? ત્યારે નર્બદાશંકરે જવાબ આપ્યો જે શાસ્ત્ર તો બુદ્ધિમાન લોકોના કરેલાં છે. ઇશ્વરકૃત નથી. માટે આપણે બુદ્ધ્ય પ્રમાણે અનુકુળ આવે તો શાસ્ત્રને માનવું એ રીતે કહ્યું. ત્યારે શ્રીમહારાજે વિચાર્યું જે એ લોક બીજા હિંદુ લોકોને શાસ્ત્રમાં નાતરૂં કરવાનો આધાર છે એવું કહીને લોકોને ભમાવે છે પણ પોતે તો શાસ્ત્રને માનતા નથી. ને એ વાતનો આધાર બધો શાસ્ત્ર ઉપર રહ્યો છે અને એ લોક તો વાદવિવાદથી નાતરૂં કરવા ચાહે છે. પણ વાદવિવાદનું એ કામ નથી અને નર્બદાશંકરે સુધારા વાળાની તરફથી સહી કરીને પત્ર આપ્યો. ત્યારે તેના જવાબમાં મહારાજે લખી જણાવ્યું જે શાસ્ત્રીઓ જે નિશ્ચે કરીને કહેશે તે તમારે તથા હમારે કબુલ રાખવું પણ સભા થઇ ત્યારે નર્બદાશંકર બોલ્યો જે મારે તો તમારી સાથે વાદ કરવો છે. શાસ્ત્રીઓ સાથે કરવો નથી તેથી મહારાજે શાસ્ત્ર માનવા વિશે તેના મનનું હારદ સમજી લીધું જે તે પોતે શાસ્ત્રમાં સમજતો નથી ને પોતે શાસ્ત્રને માનતો નથી. એવું તેઓના મોઢેથી તે દિવસે સભામાં કબુલ કરાવ્યું પછી સભા બરખાસ્ત થઇ.

ત્યારપછી તે લોકોએ ફરી વર્તમાનપત્રમાં છપાવ્યું જે તમે હમારી સાથે એ વિષે પ્રસિદ્ધ સભા કરી તકરાર કરવી ત્યારે પણ મહારાજે બીજીવાર લખીને જણાવ્યું જે તકરાર શાસ્ત્ર પ્રમાણે કરવી હોય તો તમારે હમને લખવું હમે સભા ફરી કરીશું. પણ તે વાત સુધારાવાળા લોકોએ કબુલ રાખી નહી ને ફરીથી લખી જણાવ્યું નહી ત્યારપછી

ટાઉનહૉલમાં સુધારાવાળાની એક સભા અકટોબરમાં ભરાઇ હતી. એ પ્રમાણે મુંબઇમાં અંગ્રેજી ભણેલા લોકોએ કેટલાએક ભાટીયા તથા વાણીયા વગેરેના મન ફેરવીને નાતરૂં કરાવવા વિષે તકરાર ચલાવી છે. એજ રીતે સુરત, અમદાવાદ, બંગાળા વિગેરે દેશોમાં અંગ્રેજી નોકરોએ તકરાર ચલાવી છે. ને નાતરૂં કરવા વિશેના ગ્રંથો શાસ્ત્રથી ઉલટા જુક્તિથી રચ્યા છે તે ગ્રંથમાં શાસ્ત્રના શ્લોકના અર્થ પોતાની મતલબ પ્રમાણે ફેરવીને લખેલા છે અને મહારાજની સાથે પણ એ વિષે તકરાર ચલાવી છે માટે નાતરાની બાબતમાં લખવું પડે છે. અમે બીજા અંકના ચોપાનીયામાં એ વાત લખવાના હતા પણ તે માસના ચોપાનીયામાં તેઓની બીજી તકરારો જે પુષ્ટિમાર્ગ ઉપર હતી તેનો ઉત્તર લખવાથી તે ચોપાનીયું ભરાઇ ગયું માટે આ ચોપાનીયામાં એ તકરાર લખીએ છીયે.

મુંબઇમાં નાતરાની બાબત પ્રથમ કોણે ચલાવી તે વિષે પ્રથમ સુચના લખી જણાવીએ છીએ જે મુંબઇની સોસાઇટીમાં ગંગાધર શાસ્ત્રી દક્ષણી બ્રાહ્મણ નોકર હતો તેણે સોસાઇટીવાળાની પ્રેરણાથી દક્ષણી ભાષામા પુનર્વિવાહ કરવા વિષે યુકિતથી એક ગ્રંથ સને ૧૮૩૭ માં કરીને મુંબઇના લોકોમાં પ્રસિદ્ધ કીધો હતો. તે ગ્રંથ અવિદ્વયોની જે બાળરાંડ સાસરે ન રહેલી તેનો પુનર્વિવાહ કરવા વિષે તેણે તકરાર ચલાવી હતા તે ગ્રથમા તેણે લખ્યું છ જે પુનામાં સરકારનો કારભારી ફરસરામ ભાઊ હતો તેની ચાર વર્ષની કન્યા વિધવા થઇ. તે ઉપરથી કાશીથા રામેશ્વર સુધીના પંડિતો તેડીને પુનામાં સભા કરી હતી પણ તે કન્યા જન્મ સુધી તેમજ વિધવાજ રહી એ રીતે લખ્યું છે. ત્યારપછી બંગાળાના બ્રાહ્મણો જે સરકારી નોકર છે તેણે ગંગાધર શાસ્રીનો ગ્રંથ જોઇને તેણે પણ એક ગ્રંથ રચ્યો છે. ને બંગાળી બ્રાહ્મણોમાં પણ પુનર્વિવાહ કરવાની ઘણી તકરાર ચાલે છે. અને એ બંગાળી બ્રાહ્મણે કરેલો ગ્રંથ કાશી ગયો હતો. તે ઉપરથી કાશીના મહોટા મહોટા પંડિતોએ સંવત ૧૯૧૧ માં સંસ્કૃતમાં ગ્રંથ કરીને પુનર્વિવાહનું ખંડન કરીને છપાવીને કાશીના સર્વ પંડિતોની સમત સુદ્ધાં મહોટા મહોટા તેર પંડિતોની સહી શુદ્ધાં તે ગ્રંથ મુંબઇ મોકલ્યો હતો. તે ગ્રંથ જોતાં સાફ માલમ પડે છે જે કાશીયોના પંડિતો એ વિષે

સંમત નથી. અને ફરસરામ ભાઉએ સભા મેળવ્યાથી પણ સારૂ માલમ પડે છે જે પુનાના રામેશ્વરના પંડિતો પણ એ વિષે સંમત નથી. અને ગુજરાત તથા મુંબઈના પંડિતો પણ એ વિષે સંમત નથી. એ રીતે હિન્દુસ્તાનના સર્વે પંડિતો એ વિષે સંમત નથી. પણ સરકારી નોકરો જે બ્રાહ્મણછે તેઓની બુદ્ધિ શાસ્ત્ર ઉપરથી છટકી ગયાથી તેઓ ખાલી તકરાર કરે છે. તેમાં કારણ "સોબત તેવી અસર" એ કહેવત છે. શુદ્રની ચાકરી બ્રાહ્મણોએ ન કરવી શાસ્ત્રમાં કહ્યું છે તે એટલાજ સારૂ કહ્યું છે જે શુદ્રનાં સંગતથી શુદ્ર જેવી બુદ્ધિ થાય છે. માટે બુદ્ધિનું પોષણ થવામાં ઘણું કરીને સંગ કારણ છે.

કલિયુગમાં નાતરૂં કરવું ધર્મશાસ્ત્રમાં વરજીત કરેલું છે તે વરજીત કરનાર ઋષિઓ સાધારણ બ્રાહ્મણો નથી. બ્રહ્માજીના માનસી પુત્રો છે. નારદજી ભગવાનના પાર્ષદ સદા ભગવાનની પાસે રહેનાર તથા સનકાદિક ઋષિઓ એ ઋષિઓની આવક પૃથ્વી ઉપર કલિયુગ બેસતાં સુધી હતી. એ શ્રીભાગવત આદિ ગ્રંથો ઉપરથી માલુમ પડે છે. માટે બીજા ઋષિઓને નારદાદિક ઋષિઓનો સંગ હતો. માટે ધર્મશાસ્ત્રના કર્તા નારદાદિક ઋષિઓ છે તે દેવઋષિઓ છે એની ગણના મનુષ્ય શ્રૃષ્ટિમાં નથી.

બોધાયન ઋષિએ કહ્યું છે જે નાતરાની વાત જે પુરાણમાં કહી છે તે બીજા કલ્પની કથા છે. આ શ્રૃષ્ટિની નથી. કલ્પ એટલે બ્રહ્માજીનો એક દિવસ તેમાં બે હજાર ચતુરજુગી થાયછે. એક ચતુરજુગીમાં ચાર જુગ થાય છે. સતયુગ, ત્રેતા, દ્વાપર અને કલિયુગ એ રીતે ચાર યુગની એક ચતુરજુગી થાય છે એવી હજાર ચતુરજુગી પુરી થાય ત્યારે બ્રહ્માની રાત્રી પડે તે સમે આ સૃષ્ટિના પ્રલય થયે તેજ પ્રમાણે એક હજાર ચતુરજુગી રાત્રીમાં જાય ત્યારે વહાણું થાય તે સમે પાછી સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે. એ રીતે ગીતાજીમાં શ્રીભગવાને કહ્યુંછે માટે નાતરાની કથા એ બીજા કલ્પની એટલે બીજી સૃષ્ટિની છે એ રીતે બૌદ્ધાયન ઋષિએ કહ્યું છે. જો આ સૃષ્ટિની ચાલ હોય તો તે બંધ પડી શકે નહી કેમ જે બંધ પાડવામાં સર્વને દુઃખ છે એમાં સુખતો છેજ નહી અને વિધવા હમણા થાય છે ને આગળ થતી નહોતી એવું પણ છે નહી.

નાતરૂં કરવું તે શાસ્ત્રના કેટલાએક પ્રકરણથી વિરૂદ્ધ છે તે નીચે પ્રમાણે.

૧. એક તો દાનમાર્ગની રીતથી વિરૂદ્ધ છે કેમ જે કન્યાનું દાન અપાય છે. તે આપેલું દાન બીજાને આપે તો દાન આપનાર પુરુષ નર્કમાં જાય છે. અને દાન આપ્યા પછી તે દાન ઉપર તે કન્યાના મા-બાપની સત્તા રહેતી નથી તે સ્ત્રીના ધણીની સત્તા મુઆ પછી પણ તે સ્ત્રી ઉપર રહે છે. એવું શાસ્ત્રથી સિદ્ધ થાય છે. કારણ જે ધણી મુઆ પછી સ્ત્રી જે પાપ પુન્ય કરે છે તે તેના ધણીને લાગે છે એવું શાસ્ત્ર-માં કહ્યું છે.

૨. સ્ત્રીઓના ધર્મ જયાં જયાં શાસ્ત્રમાં કહ્યા છે ત્યાં ત્યાં ધણી મુઆ પછી પતિવ્રતા ધર્મ તે સ્ત્રીને પાળવાનું કહ્યું છે પણ બ જો ભર-તાર કરવો તે ઠેકાણે કહ્યો નથી અને સ્ત્રીને બીજો ભરતાર કરવાની વેદમાં પણ મના કરેલી છે

૩ ત્રીજુ એ જે પરણવાના સંસ્કારમાં એ કન્યા અગ્નિ દેવતાને આપીને તે દેવતા દ્વારા મનુષ્યને આપે છે. તે વિધિ કાંઇ નાતરામાં થતી નથી નાતરાની સ્ત્રી શાસ્ત્રના વગર વિધિએ તે પુરૂષને ઘેર જાને બેસે છે.

૪. નાતરૂં કરવાથી જે પુત્ર થાય છે તેની ગણના શાસ્ત્રમાં શુદ્રમાં કરી છે માટે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, એ ત્રણે જાતથી તે ઉતરી જાય છે

૫ નાતરાના ધણીને શાસ્ત્રમાં જાર પુરુષની બરાબર કરીને ગણેલો છે. માટે વ્યભિચાર દોષ તે સ્ત્રી તથા પુરુષને લાગે છે. એ રીતે કેટલા-એક પ્રકરણથી ઉત્તમ વર્ણને નાતરૂં કરવું અઘટીત અને અનુભવ કરીને જોવુ કે કણબી લુવાણા વિગેરે જે નાતરૂં કરે છે તે ઘણું કરીને આ ચાર ધર્મે કરીને હીણ છે અને તેઓની નાતરાની સ્ત્રીઓ શું વ્ય-ભિચાર કરતીઓ નથી ? ઘણી સ્ત્રીઓ વ્યભિચારી છે માટે નાતરૂં કરવાથી પણ સ્ત્રીઓ વ્યભિચાર છોડી દેશે એવુ તો કાંઇ સિદ્ધ થતું નથી. અને પરણેલી સ્ત્રીઓ ધણી પરદેશ ગયે છતે ગર્ભપાત કરે છે. માટે ગર્ભપાત કરવું પણ નાતરાથી બંધ થવાનું નથી એ સિદ્ધ થાય છે. એ વાત બંધ થવાને રાજદંડ તથા જ્ઞાનનો ઉપદેશ તથા પતિવ્રતા

ધર્મનો ઉપદેશ કરેથી એ કર્મ બંધ પડી શકે છે. બીજો એનો એકે ઉપાય નથી કહેવતમાં કહ્યુંછે જે "રહે તો આપથી નહી તો જાય સગા બાપથી" એ કહેવત છે. દેશ, કાળ, સ્થીતિ વિચારીને ઋષિઓએ કલિયુગમાં નાતરૂં કરવાની મના કરેલીછે માટે આપણે દેશ કાળ સ્થિતિનો વિચાર કરવાનું રહેલું નથી ને એમ આપણે વિચાર કરીને વિધવાને નાતરૂં કરાવીશું તો વિધવાને નર્ક ભોગ કરવો પડશે. ને આપણે પણ તેનું પાપ લાગશે એમાં કાંઇ સંદેહ જાણવો નહી શાસ્ત્રમાં જે જે વાત કહી છે તેનો અનુભવ લેવા માણસ ચ્હાય તો તેને અનુભવ થાય છે. શાસ્ત્રમાં જેટલી વાત કહી છે તે ખરી મળે છે પણ હાલમાં જે અંગ્રેજી ચાકરો છે તેની બુદ્ધિ બગડી છે. તેનું કારણ ધનનો લોભ છે. ધનના લોભને માટે શુદ્રને બ્રાહ્મણોએ ગાયત્રી વેદ ભણાવ્યા છે. અને પોતાનો ધર્મ વેચ્યો છે. એવાને શાસ્ત્રનો અનુભવ થતો નથી. શાસ્ત્રનો અનુભવ ભગવાનના ભજનથી તથા ભક્તિથી થાય છે. અને સત્યતા પાળવાથી થાય છે. બીજી રીતે શાસ્ત્રનો અનુભવ સર્વથા થતો નથી. આ સર્વ વાત કહી તે ધર્મના પાળનાર અને ધર્મના જાણનારને સારૂ કહી છે અધર્મીને સારૂ કહી નથી. પાળે તેનો ધર્મ છે. આ પુસ્તકમાં સંક્ષેપથી નાતરૂં ન કરવા વિષે લખ્યું છે પણ આ પછીના પુસ્તકમાં શાસ્ત્રના શ્લોક સહિત લખીને જણાવીશું તેથી જાણવું.

अहं हरे तव पादैकमूल दासानुदासो भवितास्मि भूयः ।
मनः स्मरेतासुपतेर्गुणांस्ते गृणीत वाक्कर्म करोतु कायः ॥१॥

અર્થઃ–હે ભગવન ! તમારા ચરણારવિંદના મૂળમાં વસનારા દાસોનો પણ દાસ હું ફરીફરીને થાઉં, અને મારૂ મન, આપ પ્રાણઆધારના ગુણોનુંજ સ્મરણ કરે; તથા મારી વાણી આપના સદ્ગુણોનું કીર્તન કરે; તેમજ શરીર આપની સેવા કરે; આટલું માગી લઉં છું. ૧

સં. ૧૯૬૭ ના અષાડ વદ ૨ ને
ગરેજી. તા. ૧૩-૭-૧૧
અમદાવાદ,
જેઠાભાઇની પોળમાં, ખાડીયા.

લી. દાસાનુદાસ,
વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ
ના દીનતાપૂર્વક જયશ્રીકૃષ્ણ વાંચશો.